RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા　પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - પુનમ　મંગળવાર, તા.૨૩-૦૪-૨૦૨૪　અંક : ૨૨૫ વર્ષ : ૨૧　e-mail : sauaajtak@gmail.com　કિંમત રૂ. ૨-૫૦　પાના - ૮

LEELA WORLD WIDE

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

મતદાન વગર વ્યુહ રચનાથી ભાજપે જીત્યો સુરતનો ગઢ

# સુરતની બેઠક પર ભાજપ બિનહરીફ

## સુરતની સીટ ભાજપના ૪૦૦ પારના લક્ષ્યાંકમાં પહેલી જીત સાથેનું કમળ મોદીજીને અર્પણ : પાટીલ



સુરત,

સુરત લોકસભા બેઠક પર આજે ફોર્મ ખેંચવાનો છેલ્લો દિવસ હતો ત્યારે સુરત બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ થયા છે, કારણ કે સુરત લોકસભા બેઠક પર અપક્ષ સહિત ૮ ઉમેદવાર પૈકી ૭ ઉમેદવારે ફોર્મ પરત ખેંચ્યાં હતાં. બાદમાં બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર પ્યારેલાલ ગાયબ થયા બાદ કલેક્ટર કચેરીએ પ્રગટ થયા હતા અને ઉમેદવારીપત્રક પાછું ખેંચી લેતાં ચૂંટણીપંચે વિજેતા જાહેર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે દેશમાં પ્રથમવાર લોકસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે.

છેલ્લા બે દિવસથી ચાલી રહેલા રાજકીય ડ્રામાને અંતે રવિવારે બપોરે ચૂંટણી અધિકારી ડો. સૌરભ પારઘીએ કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ જાહેર કર્યું હતું. કુંભાણીના ટેકેદાર બનેવી, ભાણિયો અને ભાગીદાર ચૂંટણી અધિકારી સમક્ષ હીયરિંગમાં હાજર જ થયા નહીં. બીજી તરફ, ચૂંટણી અધિકારીએ કરેલી તપાસમાં ત્રણેય ટેકેદારની અસલ સહી ઉમેદવારીપત્રમાં કરેલી સહી સાથે મેચ થઈ નહીં. એટલું જ નહીં, ટેકેદારોને ધાકધમકી કે દબાણ પણ કરવામાં આવ્યું ન હોવાનું તપાસમાં ફલિત થતાં ફોર્મ અમાન્ય જાહેર કરાયું હતું.

ગુજરાત પ્રદેશ ભાજપ-પ્રમુખ સી.આર. પાટીલે જણાવ્યું હતું કે આજે ફોર્મ ખેંચવાનો છેલ્લો દિવસ હતો. કોંગ્રેસના ઉમેદવારનું અને તેના ડમી ઉમેદવાનું ફોર્મ રદ થયું હતું. ત્યાર પછી ભાજપના ઉમેદવાર અને અન્ય આઠ ઉમેદવાર હરીફાઈમાં હતા. આ આઠેઆઠ ઉમેદવારોએ ફોર્મ પાછાં ખેંચી લેતાં સુરત કલેક્ટર દ્વારા મુકેશભાઈ દલાલને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા છે. ચૂંટણી પહેલાં જ કોંગ્રેસે જ ડ્રામા કર્યો. પહેલા આક્ષેપ કર્યો કે ઉમેદવારના ટેકેદારોનું અપહરણ થયું છે, ઉમેદવારે પોતે આ વાતનું ખંડન કર્યું, ગેરસમજો ઊભી કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ આજે પરિણામ સામે આવ્યું છે. સુરતની સીટ ભારતનો ૪૦૦ પારનો લક્ષ્યાંક છે, એની આ પહેલી જીત છે. આ જીત નરેન્દ્રભાઈ મોદી સાહેબને અર્પણ કરીએ છીએ, સાથેસાથે અમે અન્ય ૨૫ સીટ છે એ અમે જીતીને ૨૬એ ૨૬ કમળ મોદીસાહેબને અર્પણ કરવાનાં છે.

# શિક્ષક ભરતી કૌભાંડમાં મમતા સરકારને મોટો ઝટકો

## હાઈકોર્ટે ૨૩,૦૦૦ શિક્ષકોની ભરતી રદ કરી : જે લોકો લાંબા સમયથી ગેરકાયદેસર રીતે કામ કરી રહ્યા છે તેમને વ્યાજ સહિત તેમનો પગાર પરત કરવો પડશે

નવીદિલ્હી,તા.૨૨

પશ્ચિમ બંગાળ શિક્ષક ભરતી કૌભાંડ કેસમાં સોમવારે કોલકત્તા હાઈકોર્ટે મોટો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે કથિત રીતે ગેરકાયદેસર રીતે મેળવેલી તમામ નોકરીઓ રદ કરી હતી. જસ્ટિસ દેવાંશુ બસાક અને જસ્ટિસ મોહમ્મદ સબ્બીર રશીદની બનેલી કલકત્તા હાઈકોર્ટની ડિવિઝન બેંચે કહ્યું, "જે લોકો લાંબા સમયથી ગેરકાયદેસર રીતે કામ કરી રહ્યા છે તેમને વ્યાજ સહિત તેમનો પગાર પરત કરવો પડશે." આ નિર્ણય હેઠળ, ૨૫,૭૫૩ નોકરીઓ રદ કરવામાં આવી હતી. તેને ૨૦૧૬ની પેનલમાં નોકરી મળી હતી. પેનલનો કાર્યકાળ પૂરો થયા બાદ જેમને નોકરી મળી છે, તેમણે પેમેન્ટ કરવાનું રહેશે.

વાદીના વકીલે કહ્યું, "૨૦૧૬ની આખી પેનલ રદ કરવામાં આવી છે. કોર્ટે ડીએમને ૨૦૧૬ ની ચારેય ભરતી પ્રક્રિયાઓ - ગ્રુપ સી, ગ્રુપ ડી, ૯મી-૧૦મી, ૧૧મી-૧૨મી - પેનલને ચાર અઠવાડિયાની અંદર જાણ કરવાનો નિર્દેશ આપ્યો છે કોર્ટે કહ્યું છે કે પગાર અંદર પરત કરવાનો રહેશે. છ સપ્તાહમાં પગાર પરત આવે છે કે નહીં તે જોવાની જવાબદારી સંબંધિત ડીઆઈને આપવામાં આવી છે. કોર્ટે કહ્યું કે એસએસસી પેનલ સમાપ્ત થયા પછી જેમને નોકરી મળી હતી તેમને જનતાના પૈસાથી ચૂકવણી કરવામાં આવી હતી. દરેક વ્યક્તિએ ચાર અઠવાડિયામાં વ્યાજ સહિત પગાર પરત કરવાનો રહેશે. દરેકને ૧૨ ટકા વાર્ષિક વ્યાજ સાથે પૈસા પરત કરવાના રહેશે. તમને જણાવી દઈએ કે ૨૩ હજાર ૭૫૩ નોકરીઓ રદ કરવામાં આવી છે. નવા લોકોને નોકરી મળશે. હાઈકોર્ટે ૧૫ દિવસમાં પ્રક્રિયા શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. શાસક તૃણમૂલ કોંગ્રેસના નેતા કુણાલ ઘોષે તેના એક્સ હેન્ડલ પર પોસ્ટ કર્યું.

# ૯૦ ટકા રાજ્યોમાં ગરમીને લઈને ડેન્જર ઝોનની સ્થિતિ

નવીદિલ્હી,તા.૨૨

વર્ષ ૨૦૨૪ના ઉનાળામાં ગરમી તમામ રેકોર્ડ તોડી રહી છે. દેશના ૮ રાજ્યોમાં પાંચ દિવસ હીટવેવની આગાહી કરવામાં આવી છે. લૂનો ખતરો સતત વધી રહ્યો છે. ૧૭ શહેરોમાં તાપમાનનો પારો ૪૩ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. બંગાળમાં ૨૨મી એપ્રિલથી શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. ગુજરાત સહિત ૨૩ રાજ્યોના ૧૨૫ જિલ્લાઓમાં દુષ્કાળ જેવી સ્થિતિ છે. ગત વર્ષે ૩૩ જિલ્લામાં દુષ્કાળ જેવી સ્થિતિ હતી. દુષ્કાળનો સામનો કરતા જિલ્લાઓમાં ૨૭૯ ટકાનો વધારો થયો છે. ગુજરાત, આંધ્ર પ્રદેશ, અરૂણાચલ પ્રદેશ જિલ્લામાં દુષ્કાળની સ્થિતિ છે. કર્ણાટક, મહારાષ્ટ્ર, હરિયાણા, હિમાચલ અને જમ્મુકાશ્મીરના જિલ્લાઓમાં દુષ્કાળ જેવી સ્થિતિ છે. જોકે હીટવેવની આગાહીને લઈને ગુજરાત પણ તૈયાર છે. તંત્રએ એક્શન પ્લાન તૈયાર કર્યો છે. રાજ્યમાં તાપમાનનો પારો ૪૪ ડીગ્રી પહોંચી ગયો છે.

# નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ શ્રીનગરમાં નવ જગ્યાએ દરોડા પાડ્યા

શ્રીનગર,તા.૨૨

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ સોમવારે જમ્મુ-કાશ્મીરની ઉનાળાની રાજધાની શ્રીનગરમાં દરોડા પાડ્યા હતા. અહીં એજન્સીની ટીમો પુરી તાકાત સાથે નવ અલગ-અલગ જગ્યાએ પહોંચી હતી. દરેક જગ્યાએ કાર્યવાહી ચાલી હતી. કહેવામાં આવી રહ્યું છે કે આ કાર્યવાહી આતંકવાદ સંબંધિત મામલામાં તપાસના સંદર્ભમાં કરવામાં આવી છે.

આ પહેલા રવિવારે, સુરક્ષા દળોએ





રાજોરીના થન્ના મંડી વિસ્તારમાં એક આતંકવાદી ઠેકાણાને નષ્ટ કરીને અને એકથી અડધા કિલો વજનના આઠ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ રિકવર કરીને મોટા ષડયંત્રને ટાળ્યું હતું. દરમિયાન, પુંછ જિલ્લામાં સુરક્ષા દળોએ બે ચાઈનીઝ બનાવટના ગ્રેનેડ અને એક પાકિસ્તાની પિસ્તોલ સાથે આતંકવાદી સુત્રધાર કમરુદ્દીનની ધરપકડ કરી છે. પાકિસ્તાન લોકસભા ચૂંટણીમાં અશાંતિ ફેલાવવા માટે સતત ષડયંત્ર રચી રહ્યું છે.બાતમી પર કાર્યવાહી કરતા, સેના અને પોલીસની એસઓજીએ રાજૌરી જિલ્લાના થન્નામંડીના અઝમતાબાદ વિસ્તારમાં સંયુક્ત સર્ચ ઓપરેશનમાં, એક આતંકવાદી ઠેકાણાનો પર્દાફાશ કર્યો અને આઠ આઈઈડી અને દારૂગોળો જપ્ત કર્યો.

# ૧૭ વર્ષના ડી ગુકેશે રચ્યો ઈતિહાસ ચેસમાં ૪૦ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો

નવીદિલ્હી,તા.૨૨

ભારતના ૧૭ વર્ષના ગ્રાન્ડમાસ્ટર ડી ગુકેશે કેન્ડીડેટ્સ ચેસ ટુર્નામેન્ટ જીતીને ઈતિહાસ રચ્યો છે. તે વર્લ્ડ ચેમ્પિયનશિપ ટાઈટલ માટે સૌથી યુવા ચેલેન્જર બન્યો હતો. તેને ગેરી કાસ્પારોવનો ૪૦ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો.

ગુકેશે ૧૪મા અને છેલ્લા રાઉન્ડમાં અમેરિકાના હિકારુ નાકામુરા સાથે ડ્રો રમ્યો હતો. આ ટૂર્નામેન્ટમાં તેના ૧૪ માંથી ૯ પોઈન્ટ હતા જેથી તે વર્લ્ડ ચેમ્પિયનનો ચેલેન્જર નક્કી કરી શકે.તે વર્ષના અંતમાં વર્તમાન વિશ્વ



ચેમ્પિયન ચીનના ડીંગ લિરેનને પડકાર આપશે. ચેન્નાઈના રહેવાસી ગુકેશે કાસ્પારોવનો રેકોર્ડ પણ તોડ્યો હતો. કાસ્પારોવ ૧૯૮૪માં ૨૨ વર્ષનો હતો, જ્યારે તેને વર્લ્ડ ચેમ્પિયનશિપ ટાઈટલ માટે રશિયાના એનાટોલી કાર્પોવને પડકાર આપ્યો હતો.

ગુકેશનો જન્મ ૨૯ મે ૨૦૦૬ના રોજ ચેન્નાઈમાં થયો હતો. અંડર-૯ સ્તરે એશિયન સ્કૂલ ચેસ ચેમ્પિયનશિપ જીત્યા બાદ તે ૨૦૧૫માં ચર્ચામાં આવ્યો હતો. ગુકેશે વર્ષ ૨૦૧૮માં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ત્યારબાદ તેણે એશિયન યુથ ચેસ ચેમ્પિયનશિપમાં કુલ પાંચ ગોલ્ડ મેડલ જીત્યા હતા.

# દિલ્હી હાઈકોર્ટમાં અરવિંદ કેજરીવાલની અરજી ફગાવી, અરજદારને દંડ ફટકારવામાં આવ્યો

નવીદિલ્હી,તા.૨૨

દિલ્હી હાઈકોર્ટે મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની અરજીને ફગાવી દીધી છે જેમાં દારૂ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા જારી કરાયેલા સમન્સને પડકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત અરજદાર પર દંડ પણ ફટકારવામાં આવ્યો છે.હાઈકોર્ટે તમામ ફોજદારી કેસોમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન આપવાના નિર્દેશની માંગ કરતી અરજી પર સુનાવણી કરી. જે નકારી કાઢવામાં આવી હતી આદેશ પસાર કરતા, દિલ્હીના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે ઉચ્ચ હોદ્દા પર બેઠેલા વ્યક્તિ સામે શરૂ કરાયેલા પેન્ડિંગ ફોજદારી કેસમાં કોર્ટ અસાધારણ વચગાળાના જામીન આપી શકે નહીં. કોર્ટે કહ્યું કે ન્યાયિક આદેશના આધારે કોઈ વ્યક્તિ કસ્ટડીમાં છે. આ પડકાર હાલમાં સુપ્રીમ કોર્ટમાં છે. તે પગલાં લઈ રહ્યો છે અને પગલાંનો ઉપયોગ કરી રહ્યો છે. કાયદો બધા માટે સમાન છે.દિલ્હી હાઈકોર્ટે દંડાત્મક કાર્યવાહી પર રોક લગાવવાનો ઈન્કાર કર્યા બાદ ઈડીએ ૨૧ માર્ચે આ કેસમાં કેજરીવાલની ધરપકડ કરી હતી. હાલ તે ન્યાયિક કસ્ટડીમાં તિહાર જેલમાં બંધ છે.

દિલ્હીના મંત્રી આતિષીએ ફરી એકવાર ભારતીય જનતા પાર્ટી પર નિશાન સાધ્યું છે. આતિશીએ કહ્યું કે બીજેપીના ઈડી અને જેલ પ્રશાસને કોર્ટમાં કહ્યું કે તેઓએ અરવિંદ કેજરીવાલને એમ્સના ડૉક્ટરને બતાવ્યા. જ્યારે આ સદંતર ખોટું છે. ઈડી અને જેલ પ્રશાસને અરવિંદ કેજરીવાલ કોર્ટમાં હાજર થયા ત્યાં સુધી તેમને ડાયાબિટીસના કોઈ નિષ્ણાતને બતાવ્યા ન હતા. કોર્ટમાં ડાયટ ચાર્ટ રજૂ કર્યો હતો. તે ડાયાબિટીસ નિષ્ણાત દ્વારા નહીં પરંતુ પોષણ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.

# લોકસભા ચૂંટણીમાં ઓછા મતદાનથી ચૂંટણી પંચ ટેન્શનમાં

## નવો પ્લાન કર્યો તૈયાર : વોટર અવેયરનેસ ફોરમ પોતાની સંસ્થા સાથે જોડાયેલા મતદારોની પ્રતિક્રિયાચૂંટણી પંચને જાણ કરશે





નવીદિલ્હી,

પ્રથમ તબક્કામાં સૌથી વધુ બેઠક પર મતદાન થયું હતું. જોકે, વોટિંગમાં ગત લોકસભા ચૂંટણીની તુલનામાં આ વખતે ૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે જેને લઈને ચૂંટણી પંચ પણ ચિંતિત છે અને મતદાન વધારવા માટે કેટલીક નવી રણનીતિ પર ભાર મુકવામાં આવી રહ્યોં છે.

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં મતદાનનો આંકડો ૬૫.૫ ટકા સુધી પહોચ્યો છે. ૨૧ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશની ૧૦૨ બેઠક પર મતદાન થયું હતું. લોકસભા ચૂંટણી માટે હવે ૬ અન્ય તબક્કામાં મતદાન યોજાશે. મતગણતરી ૪ જૂને થશે. ચૂંટણી પંચ સાથે જોડાયેલા એક સીનિયર અધિકારીએ જણાવ્યું કે ઘટી રહેલા મતદાનને લઈને ચિંતા વધી છે. મતદાન વધારવા માટે કેટલાક પ્રયાસ કરવામાં આવ્યા પણ તેનું પરિણામ આવ્યું નહતું.

અધિકારીએ કહ્યું, "ECએ લોકોને મત આપવા માટે પ્રેરિત કરવા જોરદાર કામ કર્યું હતું. સાથે જ અલગ અલગ પ્રોગ્રામ દ્વારા લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. જાણીતી સેલિબ્રિટી તરફથી પણ મતદાન માટે અપીલ કરવામાં આવી હતી. BCCI સાથે મળીને IPLને પણ પ્લેટફોર્મ તરીકે યૂઝ કરવામાં આવ્યું. જોકે, એવું લાગે છે કે આ પ્રયાસ નિષ્ફળ સાબિત થયા છે."

સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું કે ચંટણી પંચના અધિકારી આ કારણો પર વિચાર કરી રહ્યાં છે, જેને કારણે મતદાનની ટકાવારી ઘટી છે. વીકેન્ડ પર તેને લઈને બેઠક મળી હતી અને અલગ અલગ કારણો પર ચર્ચા કરવામાં આવી હતી. ચૂંટણી પંચ હવે કેટલાક નવા પ્રોગ્રામને લઈને આવશે અને મતદારોને જાગૃત કરવાનો પુરો પ્રયાસ કરવામાં આવશે. ઝારખંડના મુખ્ય ચૂંટણી પદાધિકારી રવિ કુમારે કહ્યું કે આખા રાજ્યમાં વોટર અવેરનેસ પ્રોગ્રામ ચાલુ છે.

# ચીનની ચંદ્ર પર કબ્જાની પેરવી!

## અમેરિકી સંસ્થા 'નાસા'ના વડાનો ખુલાસો : બેઝ બનાવવા ખુબ ઝડપથી આગળ વધી રહ્યાનો દાવો

વૉશિંગ્ટન

નાસાના વડા બિલ નેલ્સને ચીન વિશે ચોંકાવનારો દાવો કરતા કહ્યું કે તેઓ (ચીન) અવકાશમાં ગુપ્ત સૈન્ય કાર્યક્રમ ચલાવી રહ્યા છે જેથી તેઓ ચંદ્ર પર કબજો કરી શકે. નેલ્સને કહ્યું કે ચીને હંમેશા એ વાત જાળવી છે કે અવકાશમાં તેની પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે. તેનો હેતુ કોઈપણ રીતે અતિક્રમણ કરવાનો નથી. પરંતુ ચીનના ઈરાદા અલગ છે. અમને લાગે છે કે ચીને અવકાશના ક્ષેત્રમાં અસાધારણ પ્રગતિ કરી છે, પરંતુ તેના મોટાભાગના કાર્યક્રમો ગુપ્ત રહ્યા છે.

અમેરિકા અને ચીન બંને ચંદ્ર પર કાયમી બેઝ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ વર્ષે માર્ચમાં, ચીની વૈજ્ઞાનિકોએ ડિઝનીલેન્ડના કદના ચંદ્ર આધાર બનાવવાની જાહેરાત કરી હતી. નેલ્સને કહ્યું કે, ચીનના ઈરાદા એવું લાગે છે કે તે ચંદ્રના કેટલાક ભાગો પર કબજો કરવા માંગે છે. જોકે અમે રેસમાં છીએ. ૨૦૩૦ સુધીમાં ચંદ્ર પર ઉતરવાની તૈયારી. અમે ત્યાં જલ્દી પહોંચવા માંગીએ છીએ. આર્ટેમિસ સપ્ટેમ્બર, ૨૦૨૬ માં લોન્ચ કરવામાં આવશે.

અમેરિકા હંમેશા ચંદ્રને લઈને ચિંતિત રહે છે. તે ચીનને પોતાનો સૌથી મહત્વપૂર્ણ હરીફ માને છે. પરંતુ નેલ્સનનો દાવો છે કે, અમેરિકા ચીન કરતાં ઘણું આગળ છે. તેમણે કહ્યું કે જો ચીન પહેલા ત્યાં પોતાનું બેઝ બનાવવાનું શરૂ કરે તો તે ચંદ્રના કેટલાક હિસ્સા પર દાવો કરી શકે છે. નાસા આને લઈને ચિંતિત છે કારણ કે ચીને ૨૦૨૨માં પોતાનું સ્પેસ સ્ટેશન બનાવી લીધું છે. આ સાથે તેણે તેના ઉપગ્રહોની સંખ્યા બમણી કરી દીધી છે.

ચીને છેલ્લા ચાર વર્ષમાં સ્પેસ મિશનમાં અબજો ડોલરનું રોકાણ કર્યું છે.યુએસ સ્પેસ ફોર્સના કમાન્ડરે ચીનના ટ્રેકિંગ સેટેલાઈટ વિશે ચેતવણી આપી છે, જેનો ઉપયોગ સૈન્ય કામગીરી પર નજર રાખવા માટે થઈ શકે છે. ચીન વિશાળ જાસૂસી બલૂન અને હાઈપરસોનિક મિસાઈલ પણ વિકસાવી રહ્યું છે.

# અમરેલીના ગાધકડા, વેણીવદર, ખડખંભાળીયા, ટીંબલા અને સમઢીયાળા સહિતના ગામોમાં ચુનાવ પાઠશાળા

## મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાની કામગીરી,મતદાતા જાગૃત્તિ કાર્યક્રમો યોજાયા

(અતુલ કારિયા) અમરેલી: જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે તા.૦૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન થશે. જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને નાગરિકોમાં મતદાન માટે જાગૃત્તિ આવે તે માટે સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાની કામગીરી શરુ છે. અમરેલી જિલ્લાના વિવિધ ગામ અને વિસ્તારોમાં યોજાયેલા કાર્યક્રમોમાં નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવી મતદાનનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લા ખર્ચ અને TIP નોડલ તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાનેમાં સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં નાગરિકોને મતદાન જાગૃત્તિ અંગે સમજ આપવામાં આવી હતી. નાગરિકોએ મતદાનના શપથ લીધા હતા.



અમરેલી તાલુકાના વેણીવદર, ખડખંભાળિયા અને ટીંબલા ગામે ચુનાવ પાઠશાળા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વધુમાં વધુ મતદાન થાય અને મતદાનના મહત્વ વિશે નાગરિકોને માર્ગદર્શન આપી જાગૃત્ત કરવામાં આવ્યા હતા. નાગરિકોએ મતદાનના શપથ લીધા હતા. આ કાર્યક્રમમાં ચૂંટણી ફરજ પરના અધિકારી-કર્મચારીશ્રીઓ જોડાયા હતા.

ખાંભા તાલુકાના સમઢીયાળા-૨ ગામ ખાતે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નાગરિકોને મતદાનનું મૂલ્ય સમજાવી અચૂક મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ગામના મહિલાઓ દ્વારા મતદાતા જાગૃત્તિ રેલી યોજાઈ હતી. નાગરિકોએ મતદાન અને મતદાન માટે અન્ય નાગરિકોને પણ જાગૃત્ત કરવા શપથ લીધા હતા.

ધારી તાલુકાના દલખાણીયા ગામે ચુનાવ પાઠશાળા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નાગરિકોએ મતદાનની પ્રતિજ્ઞા લીધી હતી.

રાજુલા તાલુકાના કુંભારીયા ગામ ખાતે શ્રમિકો સાથે "મતદાર જાગૃતિ અભિયાન" કાર્યક્રમ અંતર્ગત મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. શ્રમિકોને મતદાન કરવા અને તેમના આસપાસ હોય તેવા નાગરિકોને પણ મતદાન કરવા માટે પ્રેરણા આપવા જાગૃત્ત કરવામાં આવ્યા.

# છેલ્લા ૧૧ વર્ષથી કોડીનારમાંથી ગુમ થયેલ મહિલાને LCB બ્રાન્ચ તથા મીસીંગ પર્સન સ્કવોડે શોધી કાઢી

કૈલેશ ભટ્ટ ઉના: કોડીનાર વિસ્તાર માંથી છેલ્લા ૧૧ વર્ષથી ગુમ થયેલ મહિલાને LCB બ્રાન્ચ તથા મીસીંગ પર્સન સ્કવોડ એ શોધી કાઢેલ તેમજ નવાબંદર મરીન પોલીસમાં દારૂના ગુનામાં છેલ્લા ૯ વર્ષથી નાસતા ફરતા આરોપીને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

તા.૨ માર્ચ ૨૦૧૩ના કોડીનાર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ થયેલ જેમાં એક વ્યકિત છેલ્લા ૧૧ વર્ષથી ગુમ થયેલ ચેતનાબેન રણજીતભાઈ મેઘાભાઈ વાઢેલ તા.પાદરા જી.વડોદરા.મહિલાને વડોદરાથી શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ નવાબંદર મરીન પોલીસમાં દારૂના ગુનામાં સંડોવાયેલ બાલુ કરશનભાઈ સોલંકી રહે.વણાંકબારા, તા.જી.દિવ છેલ્લા ૯ વર્ષથી નાસતા ફરતા આરોપીને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન.જાડેજાએ જીલ્લામાં ગુમ થયેલ બાળકો તથા વ્યકિતઓને શોધી કાઢવા સુચના કરેલ હોય જે અનુસંધાને એલ.સી.બી.ના ઈ.ચા. પીઆઈ એ.બી.જાડેજાના માર્ગદર્શન મુજબ પી એસ આઈ એ.બી.વોરા સહીત પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન એ.એસ.આઈ. રામદેવસિંહ જાડેજા તથા પો.હેડ કોન્સ. ભુપેન્દ્રસિંહ ચાવડા ટેકનિકલ એનાલીસીસ દ્વારા નટુભા બસીયા તથા મીસીંગ પર્સન સ્કવોડના એ.એસ.આઈ. પ્રતિપાલસિંહ કાગડા, વિનયભાઈ મોરી હ્યુમન સોર્સીસથી મળેલ બાતમી આધારે કોડીનાર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ મુજબ તા.૨ માર્ચ ૨૦૧૩ થી છેલ્લા ૧૧ વર્ષથી ગુમ થયેલ વ્યક્તિ જેને વડોદરા જીલ્લાના પાદરા તાલુકાના મોભા સ્ટેશન, સંતોષનગર સોસાયટી ખાતેથી શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# ધારાસભ્યના લોકસેવાની સાથે માનવ સેવાનું ઉત્તમ ઉદાહરણ

ઉના:ઉના વેરાવળ રોડ પર તાડનું ઝાડ ધરાશાઈ થતા બાઈક ચાલક યુવાનને અક્સ્માતમાં ઈજા પહોંચી હતી. એ દરમિયાન ત્યાંથી પસાર થતાં ધારાસભ્ય રેવદ ગામે ધાર્મિક કાર્યક્રમ માંથી પરત ઉના આવતા હતા. ત્યારે રસ્તા પર તાડના ઝાડ સાથે બાઈક અકસ્માતમાં યુવાનને ગંભીર ઈજા પહોંચતા ધારાસભ્યએ પોતાની કારમાં યુવાનને તાત્કાલિક હોસ્પિટલે પહોંચાડી સારવાર અપાવી અને પરત યુવાનને પોતાના ઘરે પહોંચાડી માનવત અને ઉદાહરણ પૂરું પાડયું હતું.ઉનાના રેવદ ગામે ધાર્મિક કાર્યક્રમ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ધારાસભ્ય કે સી રાઠોડ હાજરી આપવા ગયેલ હતા. ત્યાંથી ધારાસભ્ય કે સી રાઠોડ પોતાની કારમાં પરત ઉના આવી રહ્યા હતા. એ દરમ્યાન ઉના નજીક વેરાવળ હાઈવે પર એક તાડનું ઝાડ ધરાશાઈ થયેલ એ દરમ્યાન ત્યાંથી પસાર



થતો બાઈક ચાલક સચિન દિનેશભાઈ બાંભણીયા રહે. વરસિંગપુર વાળાનું અકસ્માતમાં ગંભીર ઈજા પહોંચેલ હાલતમા જોઈ જતાં તાત્કાલિક ધારાસભ્ય કે સી રાઠોડ એ પોતાની કાર રોકાવી અને ઈજાગ્રસ્ત યુવાનને કારમાં બેસાડી તાત્કાલિક સરકારી હોસ્પિટલે સારવાર અર્થે પહોચાડવામાં આવ્યા હતા. અને હૉસ્પિટલમાં હાજર તબીબ પાસે યુવાનને સારવાર કરાવ્યા બાદમાં ધારાસભ્ય કે સી રાઠોડે પોતાની કારમાં બેસાડી યુવાનને તેના ઘરે વરસીંગપુર ગામે પહોંચાડતા યુવાનના પરીવારજનો ધારાસભ્ય કે સી રાઠોડનો આભાર વ્યક્ત કરી બિરદાવ્યા હતા. આમ ધારાસભ્ય સેવાની સાથે માનવતાનું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

# અમદાવાદમાં ઐતિહાસિક જૈન દીક્ષાનો મહામહોત્સવ

## ૩૫ મુમુક્ષુઓએ સંસારી વેશ ત્યજીને ભગવાન શ્રી મહાવીરનો વેશ અંગિકાર કર્યો

અમદાવાદ તા. ૨૨

અમદાવાદ શહેરના પાંચસો વર્ષના ઈતિહાસમાં પહેલી વખત એક જ મંડપ હેઠળ ૩૫ જૈન દીક્ષાનો મહોત્સવ દીક્ષાના મહાનાયક પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજાના પવિત્ર હાથે સંપન્ન થયો હતો. સાબરમતી રિવર ફ્રન્ટ ઉપર આશરે ત્રણ લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં નિર્માણ કરવામાં આવેલી ભવ્ય અધ્યાત્મ નગરીમાં વહેલી સવારે ૫.૩૦ કલાકે દીક્ષાની મંગળ વિધિનો પ્રારંભ કરવામાં આવ્યો ત્યારે ૩૦,૦૦૦ની ક્ષમતા ધરાવતો મુખ્ય મંડપ હકડેઠઠ ભરાઈ ગયો હતો.

૧૫ આચાર્ય ભગવંતો તેમ જ આશરે ૪૦૦ જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોની છત્રછાયામાં સવારે



૭.૩૫ કલાકે ૩૫ મુમુક્ષુઓને સાધુજીવનના પ્રતિક સમાન ઓઘો અર્પણ કરવાની વિધિ શરૂ કરવામાં આવી હતી. ૨૫ મિનિટમાં પૂજ્ય આચાર્ય ભગવંતોના હસ્તે ૩૫ મુમુક્ષુઓને ઓઘો અર્પણ કરવામાં આવ્યો હતો, જેમાં ૧૫ ભાઈઓ હતા અને ૨૦ બહેનો હતાં. દીક્ષાર્થીઓના હાથમાં ઓઘો આવ્યા પછી તેમણે પરમાત્માને વંદન કર્યા હતા અને ત્રણ પ્રદક્ષિણા દઈને મન મૂકીને આનંદ વ્યક્ત કર્યો હતો.

ઓઘો અર્પણ થયા પછી મુમુક્ષુઓ તેમના જીવનનું અંતિમ સ્નાન કરવા અને સાધુ-સાધ્વીજી વેશ અંગિકાર કરવા ગયા હતા. ટૂંક સમયમાં તેઓ સંસારી વાઘાં ઊતારીને સાધુજીવનનાં શુભ્ર-શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈને સ્ટેજ પર આવ્યા તે પછી શુભ મૂહુર્તે લોચની વિધિ કરવામાં આવી હતી અને ૩૫ મુમુક્ષુઓનાં સંસારી નામો રદ્દ કરીને સાધુજીવનનાં નૂતન નામો આપવામાં આવ્યાં હતાં.

જૈનોના પાટનગર અમદાવાદમાં ૩૫ દીક્ષાના મહોત્સવનો પ્રારંભ તા. ૧૮ એપ્રિલે ગુરુ ભગવંતોના ભવ્ય સામૈયાં સાથે શરૂ થયો હતો. રવિવાર, તા. ૨૧ એપ્રિલના મુમુક્ષુઓની વર્ષીદાન યાત્રા કાઢવામાં આવી હતી. વર્ષીદાન યાત્રા બાદ મુમુક્ષુઓને સાધુજીવન માટે ઉપયોગી વિવિધ ઉપકરણો વહોરાવવા માટેની કરોડો રૂપિયાની ઉછામણી બોલાવવામાં આવી હતી.દીક્ષાની વિધિના અંતિમ ચરણમાં ૩૫ મુમુક્ષુઓનાં સંસારી નામો કાયમ માટે રદ્દ કરીને તેમને સાધુજીવનનાં નવાં નામો જાહેર કરવામાં આવ્યાં હતાં. પાંચ દિવસના દીક્ષા મહોત્સવનો લાભ અમદાવાદના પાંચ લાખથી વધુ જૈનો દ્વારા લેવામાં આવ્યો હતો.

# ભૂતડાદાદાની જગ્યામાં સંતવાણી મહાપ્રસાદનું આયોજન કરાયું



ઉના:ઉના શહેરમાં ભીમપરા વિસ્તારમાં આવેલ પાણીના બે ટાંકાની બાજુમાં બિરાજતા જય વીર માંગડાવાળા ભૂતડાદાદાની પવિત્ર જગ્યામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ દાદાની તીથી નિમિત્તે ભવ્ય સંતવાણી તેમજ મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે ઉના શહેર અને આસપાસના વિસ્તારની તમામ ધર્મપ્રેમી ભાઈઓ બહેનો હજારોની સંખ્યામાં લોકોએ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

આ સમગ્ર આયોજન પરષોત્તમભાઈ પાંચાભાઈ વાજા તેમજ પૂજારી લાલજીભાઈ પી.વાજા સહીત વાજા પરીવાર દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ હજારોની સંખ્યામાં લોકોએ રાત્રિના મહા પ્રસાદનો લાભ લીધો હતો. અને સંતવાણી ભજનના કાર્યક્રમમા કલાકારોએ વીર માંગડાવાળા ભૂતડાદાદાના ધાર્મિક ગીતો સાથે રમઝટ બોલાવી હતી. જેમાં સાધુ સંતો, આગેવાનો વડીલો સહિતના હાજર રહ્યા હતા. અને લોકોએ સંતવાણી ડાયરાની મોજ માણી હતી. આ પ્રસંગ બહોળી સંખ્યામાં લોકો ઉમટ્યાં હતાં.

# આટકોટમાં બાઈક દીવાલ સાથે અથડાયું, ચાલકનું મોત

આટકોટ:આટકોટના જસદણ રોડ પર પેટ્રોલ પંપ પાસેથી પસાર થતા બાઈક ચાલકે વાહન પરનો કાબુ ગુમાવ્યો હતો અને કોઇ કારણોસર બાઈક સીધું દીવાલ સાથે અફળાયું હતું અને આધેડ ચાલક નીચે પટકાતાં માથામાં ગંભીર ઈજા પહોંચી હતી જે જીવલેણ નીવડી હતી અને સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજયું હતું.આટકોટ જસદણ રોડ ઉપર રાત્રિના સમયે જસદણ તરફથી આવતા ભગવાનભાઈ રાવતભાઈ ડાંગર ઉંમર વર્ષ ૫૦ માતાજીના માંડવામાંથી આટકોટ તરફ આવતા હોય પેટ્રોલ પંપ પાસે બાઈક સ્લીપ થયું હતું ડોડીયાળા તરફ જતા હોય ત્યારે તેમનું બાઈક સ્લીપ થતા સામેની દીવાલ સાથે તેમનું માથું ભટકાતા માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેમને ૧૦૮ નાં ઈએમટી ડોક્ટર રાહુલભાઈ કુબાવત, પાયલોટ પંકજભાઈ પરમારે તાત્કાલિક સારવાર આપી અને જસદણની સરકારી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા અને માથાના ભાગે તેમને ગંભીર ઈજા હોવાથી સારવાર બાદ સીટી સ્કેન માટે તેમને રાજકોટ ખસેડવામાં આવ્યા હતા પણ ત્યાં સારવાર દરમિયાન



તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

# દારૂના ગુનામાં ૯ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો


ઉના: આગામી દીવસોમાં રાજયમાં લોકસભા ચુંટણી યોજાનાર હોય જે બાબતે જીલ્લામાં આદર્શ આચારસંહિતાનું ચુસ્તપણે પાલન થાય અને કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે પ્રોહી જુગારની અસામાજિક પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સુચન હેઠળ જીલ્લા એલ.સી.બી., ઈ.ચા. પો.ઈન્સ.એ.બી.જાડેજા ના માર્ગદર્શન મુજબ પો.સબ ઈન્સ. એ.બી.વોરા સહીત પોલીસ પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન એ.એસ.આઇ. શૈલેષભાઇ ડોડીયા, લલીતભાઇ ચુડાસમાને મળેલ સંયુકત બાતમી આધારે નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમા દારૂ ગુન્હામાં છેલ્લા નવ વર્ષથી નાસતો ફરતો બાલુ કરશનભાઇ સોલંકી રહે.વણાંકબારા, તા.જી.દિવ વાળાને પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



# સારંગપુરમાં મહંતસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં ફૂલદોલ ઉત્સવ ઉજવાયો: ૭૫૦૦૦ હરિભક્તો અધ્યાત્મ અને કેસુડાના રંગે રંગાયા

સારંગપુર: ભગવાન સ્વામિનારાયણે વડતાલ, ગઢપુર, સારંગપુર, અમદાવાદ એવા વિવિધ સ્થળોએ ફૂલદોલના સમૈયાઓ કરીને ભક્તોને સ્મૃતિઓ આપીને ગુજરાતની ધરાને ભક્તિભીની કરી હતી. તેની કાયમી સ્મૃતિ માટે આ સમૈયો દર વર્ષે સારંગપુર ખાતે ઉજવાતો આવ્યો છે. પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજ દર વર્ષે ફૂલદોલનો ઉત્સવ સારંગપુર ધામધૂમપૂર્વક ઉજવાતા જેની સ્મૃતિઓના આજે પણ સૌ કોઈ સાક્ષી છે. તેઓ આશીર્વાદ આપતાં કહેતા કે, દુનિયાના રંગે તો બધા રંગાઈ છે પણ આપણે ભગવાનના રંગે રંગાવવાનું છે. એજ પરંપરામાં પ.પૂ.મહંતસ્વામી મહારાજની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં આ વર્ષે આજના દિવસે આ ફૂલદોલ ઉત્સવ ભવ્યતાપૂર્વક ઉજવાયો હતો જેમાં દેશ-પરદેશથી ૭૫૦૦૦ હરિભક્તો આ પ્રસંગે લાભ લેવા પધાર્યા હતા.

વહેલી સવારથી જ સમગ્ર સારંગપુર ગામ હિલોળે ચડ્યું હતું. હરિભક્તોના વિશાળ પ્રવાહથી સારંગપુર મંદિર પરિસર





ઊભરાતું હતું. પરદેશથી અને ભારતના વિવિધ પ્રાંતોમાંથી પણ હરિભક્તો રંગોત્સવ નિમિત્તે સારંગપુરમાં ઉમટ્યા હતા.

આટલી મોટી સંખ્યામાં આવનાર હરિભક્તોની વ્યવસ્થા પણ સુંદર રીતે કરવામાં આવી હતી. ૩૦ જેટલા સેવાવિભાગોમાં ૮૦૦૦ સ્વયંસેવક-સેવિકાઓ ખડેપગે ઊભા રહીને સેવા કરી રહ્યા હતા. હરિભક્તોની સુવિધા માટે થોડા થોડા અંતરે પૂછપરછ કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવી હતી. વિવિધ સેવા વિભાગોમાં સંતો-ભક્તોએ ઉપવાસ-વ્રત કરતાં કરતાં તનતોડ સેવા કરી હતી.

હરિભક્તો મંદિર પરિસરમાં દર્શન કરી બી.એ.પી.એસ. વિદ્યામંદિરના પ્રાંગણમાં પ્રવેશ કરી રહ્યા હતા. ત્યાં ૧૦ લાખ ચોરસફૂટ ભૂમિને સ્વચ્છ અને સમથળ કરીને સભામંડપ તૈયાર કરવામાં આવ્યો હતો. સાંજે ૫:૪૫ વાગે જયારે ફૂલદોલ ઉત્સવની મુખ્ય સભાની શરૂઆત થઈ ત્યારે સભાસ્થળ હરિભક્તો-ભાવિકોથી ઉભરાતું હતું. સભામાં પ્રવેશ પ્રાપ્ત કરતા જ તમામ હરિભક્તોને આનંદની અનુભૂતિ થતી હતી. વિશાળ મંચ પર પ.પૂ.મહંતસ્વામી મહારાજે કરેલ યુગકાર્યો રોબીન્સ્વીલ અક્ષરધામ તથા અબુધાબીમાં નિર્મિત ભવ્ય હિન્દુ મંદિરની પ્રતિકૃતિઓ મંચની પીછવાઈમાં શોભી રહી હતી. આ સાથે જ સંસ્થાની વિવિધ સામાજિક સેવાઓમાં અગ્રેસર રહી કાર્ય બજાવતાં કાર્યકરોની સ્મૃતિઓ મંચ પર કંડારવામાં આવી હતી. આ સંદેશને અનુરૂપ સંસ્થાના સદગુરુવર્ય સંતો પૂ. વિવેકસાગર સ્વામીએ બી.એ.પી.એસ. સંસ્થાના પાયામાં રહેલા કાર્યકરોના સમર્પણ અને બલિદાનને કાર્યકર સુવર્ણ મહોત્સવ વર્ષે બિરદાવ્યું હતું. બી.એ.પી.એસ. સંસ્થાના આંતરરાષ્ટ્રીય કન્વીનર પૂ. ઈશ્વરચરણ સ્વામીએ આવનારી ચૂંટણીઓને અનુલક્ષીને રાષ્ટ્રનો ઉત્કર્ષ અને વિકાસ માટે દરેક નાગરિકની ફરજ રૂપે મતદાન કરવા અનુરોધ કર્યો હતો. અને પૂ. ડૉક્ટર સ્વામીએ આજના ફૂલદોલ ઉત્સવના મધ્યવર્તી વિચાર 'અંતર અક્ષરધામ' વિષયક હૃદયસ્પર્શી અને મનનીય પ્રસંગો કહ્યા હતા.

પ.પૂ. મહંતસ્વામી મહારાજે રંગોત્સવ પર્વે આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, 'આપણે સૌ દિવ્ય અને અંતરના રંગે રંગાવા માટે અહીં આવ્યા છીએ. બહારના રંગ એક વાર ચડે ને પછી ઉતરી જાય પરંતુ આ રંગ એક વાર ચડે પછી ઉતરે જ નહિ. અંતરના રંગે રંગાવા ભગવાનની પ્રાપ્તિનો વિચાર કરવો.' ત્યારબાદ ઉત્સવની ચરમસીમા આવી, જેમાં પ.પૂ.મહંતસ્વામી મહારાજે અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કરી, તેમને પિચકારીથી રંગે રંગ્યા હતાં. ત્યારબાદ ઉપસ્થિત તમામ સંતો અને હરિભક્તોએ આરતી અર્ધ્ય અર્પણ કર્યું હતું. પ.પૂ. મહંતસ્વામી મહારાજે પ્રસાદીના રંગથી સૌ પ્રથમ વડીલ સદગુરુ સંતોને રંગ્યા હતા અને સંતોએ કલાત્મક હારતોરાથી તેઓને વધાવ્યા હતા. ત્યારબાદ શરૂઆત થઈ અવિસ્મરણીય રંગોત્સવની જેમાં હરિભક્તો પંક્તિબદ્ધ થઈ આનંદમાં ઝૂમતાં ઝૂમતાં સ્વામીશ્રીની સન્મુખ આવતા હતા.

# ૨૨ એપ્રિલ, "વિશ્વ પૃથ્વી દિવસ"

## પૃથ્વીની વય વધારવી એ જ માનવીનું કર્તવ્ય

## 'વસુધૈવ કુટુંબકમ' - 'આખું વિશ્વ એક કુટુંબ છે.'




લોકો કુદરતી સ્ત્રોતોનો વિવેકપૂર્વક ઉપયોગ કરે અને હવા, પાણી, જમીન તથા અવાજનું પ્રદૂષણ ઘટાડે તે હેતુથી સૌને જાગૃત કરવા ૨૨ એપ્રિલ,૧૯૭૦ થી 'પૃથ્વી દિવસ' મનાવવાનું શરૂ કરાયું હતું.

તે વખતના અમેરિકાના સાંસદ ગેરોલ્ડનેશનલે પૃથ્વી દિવસ મનાવવાનો પ્રારંભ કરાવ્યો હતો. પાણી, વનસ્પતિ, ખનીજ તેલ જેવા કુદરતી સ્રોતોના બેફામ ઉપયોગના કારણે આજે વિશ્વમાં પાણી, શુધ્ધ હવા જેવા સ્રોતોની ખેંચ વર્તાઈ રહી છે. પૃથ્વી ઉપર ભારણ વધ્યું છે. તેથી જ કદાચ કુદરતે કોરોના મહામારી જેવી પરીસ્થિતિનું સર્જન કર્યું છે. પૃથ્વીના ગુણગાન અને તેની પૂજા વેદોમાં કરવામાં આવે છે. ઋગ્વેદ ઉપરાંત અથર્વવેદના બારમા મંડળના ભૂમિક સૂક્તમાં પૃથ્વીની ઉત્પત્તિ વિશે બતાવ્યુ છે. બ્રહ્મા અને વિશ્વકર્મા વગેરે દેવતાઓને કારણે પૃથ્વી પ્રગટ થઇ. આ સૂક્તમાં ૬૩ મંત્રોમાં પૃથ્વીની વિશેષતા અને તેના પ્રતિ મનુષ્યોના કર્તવ્યોનો બોધ કરાવ્યો છે. જે રીતે માતા પોતાના પુત્રોની રક્ષા માટે ભોજન પ્રદાન કરે છે એ જ રીતે માતાની રક્ષા કરવી પુત્રોનુ પણ કર્તવ્ય છે. જ્યારે વિશ્વકર્માએ અંતરિક્ષમાં હવન કર્યુ તો પૃથ્વી અને તેમા છિપાયેલા ભોજ્ય પદાર્થ પ્રગટ થઈ ગયા. જેનાથી ધરતી પર રહેનારા લોકોનું પાલણ પોષણ થઈ શકે. મતલબ ભગવાન વિશ્વકર્માએ જ્યારે લોકકલ્યાણની ભાવનાથી હવન કર્યું ત્યારે બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવતા પ્રગટ થયા અને બધા દેવતાઓમાંથી શક્તિનો અંશ કાઢ્યો અને એક શક્તિ પૂંજ બની ગયુ. પછી એ શક્તિ પુજ ધરતીના રૂપમાં બદલાઈ ગયું.

વેદોમાં પૃથ્વીને માતા માનવામાં આવે છે. તેથી તેની સુરક્ષા આપણુ કર્તવ્ય છે. ધરતીને પવિત્ર અને મા નુ રૂપ માનતા આપણે તેનાથી મળનારા પદાર્થોને વ્યર્થ ન જવા દેવા જોઈએ. પ્રદૂષણ અને ગંદકી વધવાથી રોકવી જોઈએ અને પૃથ્વી પર વધુથી વધુ વૃક્ષ ઉગાડવા જોઈએ. પૃથ્વીને સ્વસ્થ રાખવા વીજળી બચાવવી જોઈએ જેનાથી ગ્લોબલ વોર્મિંગની સ્થિતિથી બચી શકાય છે, પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ ન કરવો જોઈએ, પ્લાસ્ટિકને કારણે પૃથ્વી પર અતત ગંદકી વધી રહી છે, કેમિકલ અને તેનાથી બનેલી વસ્તુઓનો ઉપયોગ કરવાથી બચવું જોઈએ કેમિકલથી પૃથ્વી પર પાણી, હવા અને માટી એટલે કે દરેક પ્રકારનું પ્રદૂષણ ફેલાય છે. તેને રોકવુ જોઈએ. જીવહત્યા અટકાવવી જોઈએ.

# આજે હનુમાન જયંતી: અંજની પુત્રના જન્મ વધામણાનો સૌરાષ્ટ્રમાં અનેરો થનગનાટ

## રાજકોટમાં બડાબજરંગ સંસ્થા દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન: બાલાજી હનુમાનજી મંદિરે વિવિધ અનુષ્ઠાનો: અમરેલીના ભુરખિયા હનુમાનજી મંદિર, સાવરકુંડલા, સહિતના ગામો-શહેરોમાં ગુંજશે મારૂતિનંદનનો નાદ

રાજકોટ,તા.૨૨

જયહનુમાન જ્ઞાન ગુણસાગર જય કપિશ તિહું લોક ઉજાગર, રામદૂત અતુલિત બલધામા અંજનિપુત્ર પવન સૂતનામા....પવનપુત્ર શ્રી હનુમાનજી મહારાજની કાલે જન્મજયંતી છે યોગાનુયોગ આજે મંગળવાર હોવાથી ભકતોમાં બેવડો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આવતીકાલે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં હનુમાન જયંતીની અનેરા ઉમંગ સાથે ઉજવણી થશે. કાલે ઠેર-ઠેર હનુમાન ચાલીસાના પાઠ, બટુક ભોજન, મહાઆરતી, સહિતના ધાર્મિક અનુષ્ઠાનો યોજવામાં આવેલ છે.રાજકોટમાં બાલાજી હનુમાનજી મંદિર ખાતે આજે મહા મારૂતિ યજ્ઞ, શ્રૃંગાર સહિતના અનુષ્ઠાનો યોજાશે. મંદિરને સુશોભન અને રોશનીના ફાણગાર કરવામાં આવેલ છે.

તેમજ અન્ય હનુમાનજી મંદિરો તથા દેરીઓમાં આજે ભકિતથી હનુમાન જયંતી ઉજવાશે ઠેર ઠેર પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. આજે બડા બજરંગ સંસ્થા દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે.

આજે ભગવાન રામના પરમ ભક્ત હનુમાનજી મહારાજનો પ્રાગટ્ય દિન હોય, આ હનુમાન જયંતિની ઉજવણીના પ્રસંગે અમરેલી જિલ્લામાં આવેલ આસ્થાના પ્રતીકસમા એવા લાઠી તાલુકાના ભુરખીયા ગામે આવેલ ભૂરખિયાં હનુમાનજી મંદિર ખાતે દર વર્ષે હજારો શ્રદ્ધાળુઓ ઉમટે છે. ખાસ કરીને આ હનુમાનજી મહારાજનો પ્રાગટ્ય દિન નિમિતે મોટી સંખ્યામાં લોકો પદયાત્રા



કરીને ભુરખીયા હનુમાનજી મંદિરે પહોંચે છે.ત્યારે આજ સાંજથી જ અમરેલીથી ભુરખીયા તરફ હજારો પદયાત્રીઓનો પ્રવાહ શરૂ થઈ જશે.

આવતીકાલ મંગળવારે ભુરખીયા મંદિર નજીક ભવ્ય લોકમેળો પણ યોજાશે. જેને પગલે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્તની વ્યવસ્થા કરાઈ છે.સુપ્રસિદ્ધ એવા ભુરખીયા ગામે હનુમાન જયંતિ પર ભવ્ય લોકમેળો પણ યોજાય છે. અને અહીં મહા આરતી મહાપ્રસાદ જેવા કાર્યક્રમોનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. હનુમાન જયંતિ પર અમરેલીમાં પણ વિવિધ હનુમાન મંદિરોમાં બજરંગબલીની આરાધના કરવામાં આવશે. ઠેક ઠેકાણે બટૂક ભોજન, સુંદરકાંડના પાઠ, મહા આરતી જેવા કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

શ્રી તાત્કાલિક હનુમાનજી આશ્રમ, કે કે હાઈસ્કુલ પાછળ સાવરકુંડલા ખાતે આગામી તા.૨૩/૦૪/૨૦૨૪ (મંગળવાર) ના રોજ ચૈત્રીપૂર્ણિમાના શુભ પ્રસંગે ભારતીય સંસ્કૃતિનો મહત્વપૂર્ણ અને પાવન પર્વ એટલે કે શ્રી રામ ભક્ત મહાબલી હનુમાનજી મહારાજનો જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવશે. આ પ્રસંગે ધાર્મિક, સામાજિક અને સેવાના કાર્યોનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૪:૩૦ કલાકેથી શ્રી હનુમાનજી મહારાજની પરમ મંગલકારી દિવ્ય આરતી સાંજે ૭ કલાકે નેવેધ્ય થાળ બાદ તમામ દર્શનાર્થીઓને સંતો ભક્તો ભાઈઓ બહેનો મંગળકરતા દેવ નો મહાપ્રસાદ સૌએક પંગતમાં બેસી મહાપ્રસાદ લેશે.

# આટકોટમાં બાઈક સ્લીપ થતાં ઘવાયેલા આધેડનું સારવારમાં મોત

રાજકોટ,

આટકોટ જસદણ રોડ પર પેટ્રોલ પંપ પાસે બાઈક સ્લીપ થતા બાઈક ચાલક સામેની દીવાલ સાથે અથડાતા ઘવાયેલા બાઇક ચાલકનું મોત થયું હતું.આટકોટ જસદણ રોડ ઉપર જસદણ તરફથી આવતા ભગવાનભાઈ રાવતભાઇ ડાંગર ઉંમર વર્ષ ૫૦ માતાજીના માંડવામાંથી આટકોટ તરફ આવતા હોય પેટ્રોલ પંપ પાસે બાઈક સ્લીપ થઇ. સામેની દીવાલ સાથે તેમનું માથું ભટકાતા માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેમને ૧૦૮ નાં એમટી ડોક્ટીર રાહુલભાઈ કુબાવત પાયલોટ પંકજભાઈ પરમાર તાત્કા લિક સારવાર અને જસદણની સરકારી હોસ્પિરટલ એડમિટ કર્યા હતા અને



ગંભીર ઈજા હોવાથી સારવાર બાદ સીટી સેકેન માટે ડો મૈત્રી દ્વારા તેમને રાજકોટ ખસેડવામાં આવ્યાન હતા પણ ત્યાંજ સારવાર દરમિયાન દરમિયાન ભગવાનજીભાઈનું મળત્યુર નીપજ્યું હતું મૃતકને પરિવારમાં તેમને બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે વધુ તપાસ આટકોટ પોલીસ ચલાવી રહી છે.

# રાજકોટ શહેરમાં જાહેરમાં પાનની પિચકારી મારતા વધુ ૧૦ પકડાયા

## જાહેરમાં કચરો ફેંકતા બે આસામીઓને રૂપિયા ૧૭૦૦નો દંડ

રાજકોટ,

રાજકોટ શહેરમાં સફાઇ અંગે જાગૃતિ આવે અને શહેરને પ્લાસ્ટીક મુક્ત કરવા, સફાઈ અંગેની ફરિયાદોનાં ઝડપી નિવારણ તેમજ લોકો માં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા ન્યુસન્સ પોઈન્ટ ખાતે કચરો ફેંકતા લોકોને તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા, જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓને તેમજ જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકનારને સીસીટીવી કેમેરાના માધ્યમ દ્વારા ઝડપી લઈ દંડ વસુલાતની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, જે અંતર્ગત તા.૨૦-૦૪-૨૦૨૪ તથા તા.૨૧-૦૪-૨૦૨૪ ના રોજ ૧૦ વ્યક્તિઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા તેમજ જાહેરમા કચરો ફેક્તા બે આસામીને રૂપિયા ૧૦૦૦/- દંડ, પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા બે આસામીઓને ૭૦૦/ - દંડ કરવામાં આવેલ હતો.

કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કુલ ૧૦૦૦ કેમેરા દ્વારા દિનભરમાં ૨૬૫૪ લોકેશન ચેક કરવામાં આવેલ, જે અંતર્ગત કુલ ૯૬૦ સફાઈ કામદારોની સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવેલ છે, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની સફાઈ બાબતની ૧૯ ફરિયાદો સીસીટીવી ક્ધટ્રોલ રૂમ દ્વારા ફરિયાદી બની કરવામાં આવેલ હતી. આ ફરિયાદોનું ફોલોઅપ જે તે વિસ્તારના સેનીટરી ઈન્સ્પેકટર પાસેથી મેળવી ૨૪ કલાકમાં ફરિયાદનુ નિવારણ કરવામાં આવેલ . ઉપરોકત કામગીરી મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલના આદેશ અને નાયબ કમિશનરશ્રીના સુપરવિઝન હેઠળ કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટરના નોડલ ઓફિસરશ્રી વત્સલ પટેલ તેમજ તાબા હેઠળનાં સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

# ગોંડલમાં બાળકોની સાયમની તકરારમાં યુવાન પર છરીથી હુમલો : ગંભીર ઈજા

રાજકોટ

ગોંડલમાં સરકારી હોસ્પિટલ સામે મફતીયાપરામાં રહેતાં અને છુટક મજૂરી કરતાં રાકેશ કિશોરભાઇ સોલંકી (ઉ.વ.૨૨) પર પડોશી અશોકે છરીથી હુમલો કરી પેટમાં ઘા ઝીંકી દેતાં લોહીલુહાણ હાલતમાં ગોંડલ હોસ્પિ ટલમાં અને ત્યાંથિી રાજકોટ સિવિલમાં ખસેડાયો હતો.બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ અને ભાવશેભાઇ મકવાણાએ ગોંડલ પોલીસને કરી હતી. રાકેશ બે ભાઇ અને ચાર બહેનના નાનો



અને કુંવારો છે. તેના બહેન મીનાબેનના છોકરા સાથે પડોશી અશોકનો છોકરો માથાકુટ કરતો હોઈ આ બાબતે સમજાવવા જતાં અશોકે ઉશ્કેનરાઇ જઇ છરી ઝીંકી દીધાનું જણાવાયું હતું. ગોંડલ પોલીસે ફરિયાદ નોંધવા તજવીજ કરી હતી.

# રાજકોટના ભાવનગર હાઈવે પર દારૂ ભરેલી કાર પકડાઈ : રૂ.૧.૪૨ લાખનો મુદ્દામાલ જપ્ત

## મુંબઈથી દારૂ ખરીદી કારમાં ચોરખાનું બનાવી રાજકોટમાં આવતા બે ઝડપાયા

રાજકોટ,

એલસીબી ઝોન-૧ની ટીમે ભાવનગર હાઈ-વે પર સીતારામ હોટલ સામે દારૂ છુપાવેલ કાર સાથે બે શખ્સોને દારૂ કાર મળી રૂ?.૧.૪૨ લાખનો મુદ્દામાલ સાથે પકડી લીધા હતા.

દરોડાની વિગત મુજબ, એલસીબી ઝોન-૧ના પીએસઆઈ બિ.વી.બોરીસાગર ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં. ત્યારે સાથેના કોન્સ્ટેબલ હિતેષ પરમાર અને સત્યજીતસિંહ જાડેજાને મળેલ ચોકકસ બાતમીના આધારે ભાવનગર હાઈ-વે રોડ સીતારામ હોટલ સામેથી એક શંકાસ્પદ કારને અટકાવી તેમાં તપાસ કરતાં પાછળની સીટ નીચે બનાવેલ ચોરખાનામાં છુપાવેલ દારૂની ૫૪ બોટલ મલી આવતાં કાર ચાલક અફઝલ હુસેન શેખ (ઉ.વ.૩૩) (રહે.સીયાણીજીગર, શેરીનં.૧, કોઠારીયા મેઈન રોડ) અને તેની સાથેના અલ્તાફ હબીબ નકાણી (ઉ.વ.૪૨) (રહે.રસુલપરા, કોઠારીયા સોલવન્ટ)ને પકડી દારૂ, કાર અને મોબાઈલ મળી રૂ?.૧.૪૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પુછતાછમાં દારૂ સાથે પકડાયેલા બંન્ને શખ્સો હાલ લોકસભા ચૂંટણી અનુસંધાને ચેકીંગ વધુ હોવાથી બંન્ને મુંબઈમાં એક હોટલમાં રોકાયા હતાં.અને ત્યાં રૂ?.૬૦૦માં રોજ પાંચ-સાંત બોટલ લઈ કારના ચોરખાના છુપાવી રાજકોટ પહોંચે તે પહેલાં જ પકડાય ગયા હતાં. રૂ.૬૦૦માં લઈ આવેલ દારૂ અહી રૂ? હજારમાં વેંચતા હોવાની કબુલાત આપી હતી.



# રાજકોટ શહેરમાં એક સપ્તાહમાં ઝાડા-ઉલ્ટી -ટાઈફોઈડ સહિત ૧૨૦૦ કેસ

## મચ્છરજન્યં રોગચાળાના ૩ દર્દી : ૭૦૦ ઘરોમાં ફોગીંગ: મચ્છર ઉત્પતિ સબબ ૫૫૬ને નોટીસ

રાજકોટ,

રાજકોટ શહેરમાં છેલ્લા અઠવાડીયાથી ગરમીનું પ્રમાણ વધતા પાણીજન્ય૦રોગચાળાનાં વધારો થતો જોવા મળે છે. કેમ કે, દિવસોથી સીઝનલ રોગચાળો વકરતો જાય છે. ત્યાતરે એક સપ્તાહમાં ઝાડા, ઉલ્ટી, ટાઈફોડ તાવના સહિત ૧૧૯૭ થી વધુ કેસ નોંધાયા છે.





આ અંગે મ્યુચ. કોર્પોરેશનની સતાવાર માહિતી મુજબ તા. ૧૫ થી ૨૧ એપ્રીલ સુધીમાં નોંધાયેલ રોગચાળાના કેસની વિગત જોતાં મચ્છપરજન્યી રોગચાળાનો ૩ કેસ, છેલ્લા સપ્તાહમાં ચિકનગૂનીયાનો ૧, ડેન્યુનો ૧ અને મેલેરીયાના પણ એક જયારે સીઝનનાં મેલેરીયાના ૪, ડેન્યુના ૧૧ તથા ચિકનગુનિયાના ૧૬ કેસ નોંધાયા છે. શરદી-તાવના ૧૧૯૭ થી વધુ કેસ શહેરમાં શરદી-ઉધરસના કેસ ૯૨૬ તેમજ સામાન્યગ તાવના ૬૬૦ અને ઝાડા-ઉલ્ટીના કેસ ૨૩૦, ટાઈફોડના ૩ સહિત કુલ ૧૧૯૭ દર્દીઓ નોંધાયા હતા.

રોગચાળા દ્વારા ઉભા થતા જાહેર આરોગ્યવ પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ધનીષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. પોરાનાશક કામગીરી હેઠળ ૫૯૭૯ ઘરોમાં પોરાનાશક કામગીરી કરેલ છે. તથા ૭૧૯ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ ૫૫૬ સ્થળોએ મચ્છર ઉત્પાતિ સબબ તપાસ કરવામાં આવતા રહેણાંક સહિત મચ્છર ઉત્પતિ દેખાતા ૩૭૦ લોકોને નોટીસ પાઠવી હતી.

# રાજકોટના વિજય પ્લોટમાં ઘોડીપાસાનો જુગાર રમતા ચાર શખ્સો પકડાયા

રાજકોટ,

રાજકોટના વિજય પ્લોજટમાં કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની બાતમી મળતા દરોડો પાડી ચાર શખ્સોટને ઘોડી પાસાનો જુગાર રમતા પકડી લઇ કાર્યવાહી કરી હતી.

મળતી વિગત મુજબ વિજય પ્લોસટમાં કેટલાક શખ્સો્ જુગાર રમતા હોવાની એ-ડીવીઝન પોલીસ મથકના હેડ કોન્સ. ધર્મેશભાઇ પરમાર અને કોન્સ. ગોપાલભાઇને બાતમી મળતા વિજય પ્લોસટ શેરી નં. ૧૫ માં દરોડો પાડી ઘોડી પાસાનો જુગાર રમતા લક્ષ્મીવાડી શેરી નં. ૮ ના દિપક મનજીભાઇ નકુમ, સાધુ વાસવાણી રોડ એકલવ્યર નગરના જયેશ રાજુભાઇ રાઠોડ, દુધ સાગર રોડ અતિક એપાર્ટમેન્ટના હનીફ ગનીભાઇ જુલાણી તથા ઉપલેટા લાતી પ્લોટ મેમણ કોલોનીના રીયાઝ મન્સુરભાઇ ગણોદવાલાને પકડી લઇ રૂ.. ૪૫૦૦ની રોકડ સહિતની મત્તા કબ્જે કરી હતી.

**નામ બદલાવેલ છે**

મારૂ નામ લુણાગરિયા ડેનીશ પ્રવિણ હતુ જે બદલીને લુણાગરિયા ડેનીશ પ્રવિણભાઇ કરેલ છે. હવેથી હું મારા નવા નામ લુણાગરિયા ડેનીશ પ્રવિણભાઇ તરીકે ઓળખાઇશ.

સહી : લુણાગરિયા ડેનીશ પ્રવિણભાઇ
સરનામું : અમૃત, રણછોડનગર-૧, રાજકોટ - ૩૬૦૦૦૩.

# રાજકોટ ગ્રામ્ય પોલીસના જુગારના ચાર દરોડા: મહિલા સહિત ૧૭ શખ્સો પકડાયા

## શાપર, ધોરાજી, ગોંડલ તાલુકાના નવાગામ, ઉપલેટા તાલુકાના જામ ટીંબડી ગામે પોલ્સ ત્રાટકી

રાજકોટ,

રાજકોટ રૂરલ પોલીસ દ્વારા લોકસભાની ચૂંટણીના અનુસંધાને દારૂ-જુગારના વધુમાં વધુ કેસો કરવા પ્રયત્નો થઈ રહ્યા છે ત્યારે ગત રોજ ચાર દરોડામાં જુગાર રમતા એક મહિલા સહિત ૧૭ આરોપી પકડાયા હતા. જેની પાસેથી રૂા.૪૭૫૭૦ની રોકડ કબ્જે કરવામાં આવી હતી. ભાયાવદર પોલીસના એએસઆઈ પી.પી. જાડેજા, હેડ કોન્સ્ટેબલ પ્રેમજીભાઈ કોહલા, કોન્સ્ટેબલ અજયભાઈ સોરઠીયા, વિપુલભાઈ મેટાળીયા, વિજયભાઈ ભીંભા વગેરે પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળતા જામટીંબડી ગામે, ચિત્રાવડના રસ્તે ડુંગળવાળી સીમમાં આવેલ કિશોર નાથા પરમારના મકાન પાછળ ખુલ્લા પટ્ટમાં જુગાર રમતા કિશોર નાથા પરમાર (ઉ.૪૨), પ્રવિણ ઉર્ફે પવલો છગનભાઈ ભાલોડી (ઉ.૫૫), પ્રવિણ બટુક ભુવા (ઉ.૫૨ રહે. રાયડી ગામ, તા.જામકંડોરણા), સંજય વેજા કનારા (ઉ.૩૯, રહે. જેતપુર), વિક્રમ નારણ નંદાણીયા (ઉ.૩૭, રહે. મોડપર તા. ભાણવડ), દીપક ઉર્ફે દીપસન ગોવિંદ ગોજીયા (ઉ.૩૭, રહે. મોડપર તા.ભાણવડ) ગફાર જુસબ કાઠ (ઉ.૪૨, રહે. ભાણવડ)ને ઝડપી રૂા.૧૮,૨૩૦ની રોકડ કબ્જે કરી હતી.

સુલતાનપુર પોલીસના હેડ કોન્સ્ટેબલ એમ.એમ. સોલંકી, કોન્સ્ટેબલ વિજયભાઈ ઝાપડીયા બાતમીના આધારે ગોંડલ તાલુકાના નવાગામ ગામે વીરપુર રોડ પર, વોકળાના કાંઠે જાહેરમાં જુગાર રમતા નવાગામના મનજી નાનજી ગુજરાતી (ઉ.૬૨), દેવકુ સામત સુરૂ (ઉ.૬૦), રામ સોમા ચાવડા (ઉ.૬૨) અને નાજા રવજી લાંબડીયા (ઉ.૫૦, રહે. ગોમટા)ને દબોચી રૂા.૧૪૪૦ની રોકડ કબ્જે કરી ગુનો દાખલ કર્યો હતો. ધોરાજી સીટી પોલીસના પીએસઆઈ પી.કે. ગોહિલ, હેડ કોન્સ્ટેબલ એ.એચ. ગોહેલ, કોન્સ્ટેબલ શકિતસિંહ જાડેજા, લખુભા રાઠોડ પેટ્રોલીંગમાં હતા ત્યારે જુના ઉપલેટા રોડ, વાલ્મીકીવાસ પેટ્રોલ પંપ સામેની ગલીમાં રોડ પર આવતા વૃક્ષ નીચે જુગાર રમતા દીલાવર મોહંમદભાઈ ગોરી (ઉ.૪૦, રહે. સ્પોર્ટસ કલબ પાછળ, ધોરાજી) ઈશાક ઓસમાણ સમા (ઉ.૬૦, રાધાનગર, ધોરાજી) ફારૂક મહંમદ ખુરેશી (ઉ.૬૦, રાધાનગર, ધોરાજીને ઝડપી રૂા.૨૬,૬૭૦ની રોકડ કબ્જે કરી હતી.

શાપર પીએસઆઈ આર.કે. ગોહિલની રાહબરીમાં હેડ કોન્સ્ટેબલ નરેશભાઈ રોજાસરા, ગીરીશભાઈ મકવાણા, કોન્સ્ટેબલ સોનલબેન હરખાણી, વગેરે પેટ્રોલીંગમાં હતા ત્યારે વેરાવળના બુધ્ધનગર અવેડાની બાજુમાં, સોમીબેન સોંદરવાના મકાન પાસે જાહેરમાં જુગાર રમતા સોમીબેન હમીર સોંદરવા (ઉ.૭૦) કારા મંગા માવદીયા (ઉ.૪૦, રહે. સર્વોદય સોસા. ભૂમિ ગેઈટ, શાપર-વેરાવળ), અરવિંદ ગગજી જાદવ (ઉ.૩૪, રહે. બુધ્ધનગર, શાપર વેરાવળ)ને ઝડપી રૂા.૧૨૩૦ની રોકડ કબ્જે કરી ગુનો નોંધ્યો હતો.

# રાજકોટમાં પૈસાની લેતી દેતી મામલે યુવાન પર તલવારથી હુમલો કરનારા ત્રણ પકડાયા

રાજકોટ,

રાજકોટ શહેરના સદર બજાર ઠક્કર બાપા હરીજનવાસમાં પૈસાની લેતીદેતી મામલે યુવાન પર તલવારથી હુમલો કરનારા ત્રણ શખ્સોને પ્ર.નગર પોલીસે પકડી લીધા હતા.

મળતી વિગત મુજબ ઠક્કર બાપા હરીજનવાસ શેરી નં. ૬ માં રહેતો મયુર ઉર્ફે ખોડો હમીરભાઇ શીંગાળા (ઉ.વ. ૨૮) ગઇકાલે પોતાના કાકા સાથે ઘર પાસે ઉભો હતો બંને વાતો કરતા હતા ત્યારરે પાડોશમાં રહેતો બાલો પરમાર પોતાની પાસે આવી ઉછીના આપેલા પાંચ હજાર માંગી બોલાચાલી કરી ઝઘડો કરતા તે વખતે તેનો પૌત્ર વિકાશ હરેશભાઇ પરમાર અને સાગર હરેશભાઇ પરમારે આવી ઝઘડો કરી છરી અને તલવારથી હુમલો કર્યો હતો. આ બનાવ અંગે મયુરે પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પી.એસ.આઇ. પી. કે. પઢીયાર સહિતે ત્રણેયની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

# સુરતના બનાવટી હીરાનો ઝળહળાટ

સુરતના લેબ્રોન નામે ઓળખાતા બનાવટી હીરાનો ઝળહળાટ વધતો જાય છે વિશ્વના ૧૬ દેશોમાંથી સુરતના કૃત્રિમ હીરા ખરીદવા માટે ગ્રાહકો ની ભીડ જામી હતી સુરતના અત્યંત આધુનિક ડાયમંડ બુર્સ ખાતે એક સેમીનાર યોજાયો હતો. જેમાં સુરત ડાયમંડ બોરસના ચેરમેન અને સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા તથા વાઇસ ચેરમેન લાલજીભાઈ પટેલ સહિતના સુરતના ટોપ લેવલના ૧૫ લેબ્રોન ડાયમંડ ગ્રોવર્સ લુઝ એલજીડી કટ એન્ડ પોલીસ સપ્લાયર્સ તેમજ લેબ્રોન્ડ ડાયમંડ જ્વેલરી ઉત્પાદકોએ ભાગ લીધો હતો આ હીરા તથા તેની જ્વેલરી ખરીદવા માટે અમેરિકા બ્રિટન લેબનોન રસિયા ઓસ્ટ્રેલિયા સહિતના દેશોમાંથી ૪૩ ઇન્ટરનેશનલ બાયર્સ આવ્યા હતા આમ સુરતનું નામ બનાવટી હીરાના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રની અંદર અગ્રસ્થાને આવી જાય તેવી શક્યતાઓ વધતી જાય છે આ માટે સુરતમાં જી જે ઈ પી સી સંસ્થા અગ્ર ભૂમિકા ભજવે છે આના કારણે સુરત બનાવટી હીરાના ઉત્પાદનનું મોટું કેન્દ્ર બની જશે આ ઉપરાંત ડાયમંડ ટ્રેડિંગ ડેસ્ટિનેશન પણ સુરત બની જશે જેથી સુરતથી બનાવટી હીરાની સીધી વિકાસ થઈ શકશે.

સુરતથી નિકાસ વધારવા માટે દક્ષિણ ગુજરાત ચેમ્બરનું મિશન- ૮૪ હેઠળ ભારે પ્રયાસો થઈ રહ્યા છે. વિયેટનામ ખાતે નિકાસ વધારવા માટે દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સે પાંચ સંગઠનો સાથે સમજૂતી કરાર કર્યા છે. ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે વિયેતનામ ખાતે એસજીસીસીઆઇ ગ્લોબલ. કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત કરાર કર્યા છે.મુંબઈના ભારત ડાયમંડ બુર્સ ખાતે સુરત ડાયમંડ બુર્સની નવી મેનેજમેન્ટ કમિટીમી મળેલી બેઠકમાં ૩૦૦થી વધુ વેપારીઓ સુરત ડાયમંડ બુર્સમાં ઓફિસો શરૂ કરવા ઉત્સુક છે અને ૩૦૦ વેપારીઓ ૭મી જુલાઈએ એસડીબીમાં ઓફિસ શરૂ કરશે તેમ એસડીબીના વાઈસ ચેરમેન લાલજી પટેલે કહ્યું હતું. સુરત ડાયમંડ બુર્સની નવી મેનેજમેન્ટ કમિટીની મુંબઈ ખાતે ભારત ડાયમંડ બુર્સમાં કમિટીના સભ્યોની બેઠક મળી હતી. જેમાં એક હજારથી વધુ વેપારી હાજર રહ્યાં હતા. તેમાં લેબ્રોન ડાયમંડની પણ ચર્ચા થઈ હતી.દુનિયાભરમાં કટ અને પોલિશ્ડ હીરા માટે જાણીતું સુરત ધીમે પગલે લેબગ્રોન ડાયમંડનું પણ હબ બની રહ્યું છે. સુરતમાં જીજેઈપીસીએ લેબગ્રોન ડાયમંડ માટે બાયર્સ-સેલર્સ મીટ યોજી હતી. જેમાં બે દિવસમાં અમેરિકા સહિતના ૧૬ દેશોના ખરીદદારો લેબગ્રોન હીરા ખરીદવા માટે આવ્યા હતા. વિશ્વના ૯૦ ટકાથી વધારે હીરા સુરતમાં કટીંગ અને પોલિશિંગ થાય છે. હવે લેબગ્રોન ડાયમંડ ગ્રોવિંગ(એલજીડી) અને તેની જવેલરીનુ પણ હબ બનશે. એના સંકેતો મળી રહ્યા છે. માત્ર થોડા જ વર્ષોમાં એલજીડીના નિકાસમાં લગભગ ૪૦૦ ટકાની વૃદ્ધિ થઈ છે.સુરતમાં નેચરલ ડાયમંડનુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર છે એનો લાભ મળશે.

કેન્દ્રીય બજેટમાં પણ સરકારે લેબગ્રોન ડાયમંડને વિકસતા ક્ષેત્રે તરીકે નોંધ લીધી છે. અને બેઝિક કાચા માલ ગણાતા સીડસ પર ઈમ્પોર્ટ ડયૂટી ઘટાડીને શૂન્ય કરી છે. એલજીડી પર રિસર્ચ માટે પણ મોટી જાહેરાતો કરવામાં આવી છે.

# સહાનુભૂતિની સંવેદના

અલ્પ ઝલપ -ડો. મનહર ઠાકર

**બારેક વર્ષની એક માનસિક વિકલાંગ દીકરીને મળવાં જોઈએ તેવાં પ્રેમ, કરુણા, સહાનુભૂતિ, કદર અને સહકાર નથી મળતાં ત્યારે ગામની બજારના ઓટલે પોતે લાચાર બનીને બેસી રહે છે ગામના માસ્તર દરરોજ તેની સામે હાથ ઊંચો કરીને મોં મલકાવી તેને રાજી રાખે છે**

બારેક હજારની વસ્તીવાળા ગામમાં અઢારે આલમની વસ્તી છે .ગામમાં મોટાભાગે ખેડૂત વસાહતીઓ છે. થોડાં ઘણાં વ્યવસાયિકોનાં ખોરડાં ખરાં. વળી, ગામના શિક્ષકો અને ગામના તલાટી પણ અહીં રહેણાંક કરીને રહેતા હતા.. ગામમાં એક ખોરડું મંદિરના પૂજારીનું પણ હતું. પૂજારીની એક દીકરી, જેની ઉંમર બારેક વર્ષની હશે પણ એને થોડી માનસિક વિકલાંગતા હતી. એટલે તે હરેફરે, ખાયપીવે, બહુ ઓછી વાતો કરે પણ મરક મરક હસ્યા કરે ખરી. પોતે ચાલવામાં તકલીફ અનુભવતી એટલે બંને પગે શરીરનું સંતુલન જાળવવા માટે કાખઘોડી રાખે.

ઘરેથી નીકળીને ગામની બજારે ઓટલે ચડીને પોતે બેસી રહેતી. બજારે થી પસાર થતું કોઈ એની સાથે વાતચીત નહોતું કરતું. બજારમાંથી જે કોઈ નીકળે એને પોતે તાકી તાકીને જોયા કરતી. લોકોના મનમાં એ અસ્થિર મગજની હોવાનો ખ્યાલ એટલે કોઈ એને બોલાવતું નહીં. આમ તો આ દીકરીનો કોઈ ઉપદ્રવ નહોતો. એ શાંતિથી જ્યાં બેઠી હોય ત્યાં બેસી રહેતી. તેની માનસિક વિકલાંગતાને કારણે એની અવગણના થતી હોય એવું લાગતું. એની સાથે વાતચીત કરવા કોઈ બેસે નહીં એને કોઈ બોલાવે નહીં. બધાં છોકરાંઓ શેરીમાં રમતાં હોય ત્યારે એ ઓટલે બેસીને જોયા કરતી. સાંજ પડે ત્યારે સૌ રમીને ઘર ભેળાં થાય ત્યારે પોતે પોતાની બંને કાખઘોડી વડે ધીમે ધીમે ઘર ભણી ચાલતી થતી.

પોતાના ઘરે પણ ખાવુંપીવું, બેસવુંઊઠવું, એમ પોતાનું બધું જ કામ જાતે જ કર્યા કરતી. એનાં મા-બાપને એના વિશેની કોઈ કામગીરીમાં સાથ આપવાની જરૂર રહેતી નહીં. પોતે ત્રણ ટાઈમ જમે. જાતે પથારી કરીને સૂઈ જાય. ઘરમાં કોઈ પણ પ્રકારનું કામ એને સોંપવામાં આવતું નહીં. એવી કોઈ તાલીમ પણ તેને આપવામાં આવતી નહીં. ઘરમાં પણ તેની સાથે વાતો કરવાની કોઈને ફુરસદ નહોતી. પોતે બધી રીતે સ્વસ્થ હતી. એને કોઈ બીજી શારીરિક બીમારી પણ નહીં. થોડી માનસિક અસમતુલા એટલે પોતાનું જીવતર એમનામ જીવ્યે જતી હતી. ગામમાં એ જ્યારે ઓટલે બેઠી હોય ત્યારે કોઈ એને બોલાવે નહીં એટલે એ પોતે પણ બિચારી લાચાર થઈને બધાંની સામે ટગર ટગર જોયા કરતી.



ગામની શાળાના આચાર્ય, જે એના ઘર પાસેથી પસાર થાય ત્યારે ઓટલે બેઠેલી આ દીકરીની સામે એ હસતું મોઢું રાખીને એની સામે હાથ ઊંચો કરે. આ દીકરી પણ ભાવપૂર્વક એ સાહેબની સામે હાથ ઊંચો કરે અને એનું મોઢું મલકાવે. આ સાહેબ સિવાય ગામમાં કોઈ એને આવી રીતે કદી બોલાવતું નહીં. આમ એકલવાયું બેસી રહેતી આ દીકરીની ઉંમરનાં છોકરાંઓ પણ એને રમવા ન બોલાવે. માનસિક વિકલાંગતાને કારણે એને અલાયદી રાખવાનો ઈરાદો ગામનાં છોકરાંવનો પણ રહેતો.

સાહેબને ઘરેથી સ્કૂલે જવાનો ટાઈમ થાય ત્યારે એ દીકરી સાહેબની ખડકી ભણી નજર રાખીને ઓટલે બેસી જતી. એને ઇન્તેઝારી રહેતી કે હમણાં મારી સામે હસતું મોં રાખશે અને હાથ ઊંચો કરશે. પોતાના કુટુંબ અને આખા ગામ પૈકી આ સાહેબ જ દિવસમાં ત્રણ વખત ત્યાંથી પસાર થાય ત્યારે એને આદર આપતા હતા. આ રીતનો નિત્યક્રમ જળવાઈ રહ્યો. સાહેબે વિચાર્યું કે એકાદ વખત ઊંચો હાથ ન કરું તો શું થાય ? ત્યારે દીકરીએ પોતે સામેથી સાહેબ સામે ઊંચો હાથ કર્યો અને મોં મુકાવ્યું. સાહેબ પણ રાજી થયા ને હાથ ઊંચો કરીને હસ્યા.

સાહેબ નિવૃત્ત થયા અને ત્યાંથી ગામને પાદર મકાન બનાવીને ત્યાં રહેવા ગયા. અહીં આ દીકરી બજારના ઓટલે બેસીને દરરોજ સાહેબની બંધ ખડકી સામે મોં ફેરવીને જોયા કરતી. એને તો મનમાં થયા કરતું કે હમણાં માનરી સામે હસીને હાથ ઊંચો કરશે. સાહેબ હમણાં નીકળશે એની રાહ જોયા કરતી આ દીકરી આશામાં ને આશામાં ત્યાં બેસી રહેતી. ન એ કોઈને પૂછી શકે કે ન કોઈ એને સામેથી કહેતું કે સાહેબ હવે અહીં રહેતા નથી. કારણ કે કોઈને ખબર નહોતી કે સાહેબ અને આ દીકરીને પરસ્પર કેવો માણસાઈભર્યો સદ્ભાવ હતો.

એક દિવસ સાંજે સાહેબ આ બજારેથી નીકળ્યા. તેમણે આ દીકરીને જોઈ. પોતાની કાખઘોડી લઈને એ ઊભી થતી સાહેબની સામે જઈને ઊભી રહી. માથું નમાવીને સાહેબને સલામ કરી પોતે મોં મુકાવ્યું. સાહેબે પણ મોં મુકાવ્યું ને તેના માથે વહાલસોયો વરદ્ હસ્ત રાખી દીધો. દીકરીને તો માનસિક વિકલાંગતા હતી એટલે એ તો વિશેષ કોઈ લાગણી પ્રગટ કરી શકી નહીં પણ સાહેબની આંખોમાંથી સંવેદનાનાં આંસુ ટપકી પડ્યાં.

કરુણાના સંસ્કાર બધા માણસોમાં એક સરખા હોતા નથી. કારણકે કોઈની લાચારી જોઈને દરેકનું હૈયું ભીંજાતું નથી હોતું. અહીં આ દીકરીની માનસિક વિકલાંગતા ખરી પણ માણસ તરીકે તેને મળવાં જોઈએ તેવાં પ્રેમ, કરુણા, સહાનુભૂતિ, કદર, સલામતી અને સહકાર કોણ આપે છે ? જે ઘરમાં પોતે ઋણાનુબંધે અવતરી છે, ત્યાંથી પણ આ બધું તેને ક્યાં મળે છે ? આવું બધું વિચારીને માસ્તર પોતાનાં આંસું ખાળી શક્યા નહીં.

# ગુજરાતનો ખેડૂત ગધેડીનું દૂધ ઓનલાઈન વેંચીને મહિને કમાય છે લાખો રૂપિયા!

## ૫,૦૦૦થી ૭,૦૦૦ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાય છે ગધેડીનું દૂધ

દૂધ ૫૦૦૦ રૂપિયા પ્રતિ લિટરના ભાવે વેચાય છે, તે પણ ઓનલાઈન !! સાંભળીને નવાઈ લાગશે પણ આજે ગધેડીનું દૂધ તેના અન્ય ગાય-ભેંસના દૂધ કરતા ૭૦ ગણા વધુ ભાવે વેચાઈ રહ્યું છે. અને આથી જ પાટણનો એક ખેડૂત ગધેડીનું દૂધ વેંચીને ઓનલાઈન વેંચીને મહિને લાખો રૂપિયાની કમાણી કરી રહ્યો છે.

ગુજરાતના પાટણ જિલ્લાના ખેડૂત ધીરેન સોલંકીએ ગામમાં ૪૨ ગધેડી સાથે ફાર્મ ખોલ્યું છે અને દક્ષિણના રાજ્યોમાં ગ્રાહકોને ગધેડીનું દૂધ સપ્લાય કરીને મહિને રૂ. ૨-૩ લાખની કમાણી કરી રહ્યો છે.આ વ્યવસાય શરૂ કરવા અંગે ધીરેન સોલંકીએ કહ્યું કે તે સરકારી નોકરી કરવા માંગતો હતો, પરંતુ સરકારી નોકરી ન મળી, તેના બદલે મને કેટલીક ખાનગી નોકરીઓ મળી. પણ પરિવારનું

કરંટ ટોપિક

ભરણ-પોષણ માંડ માંડ થતું હતું. આ સમય દરમિયાન ધીરેનને દક્ષિણ ભારતમાં ગધેડા ઉછેર વિશે જાણવા મળ્યું. તે કેટલાક લોકોને મળ્યો અને લગભગ ૮ મહિના પહેલા પોતાના જ ગામમાં આ ફાર્મ ખોલ્યું. તેણે ૨૨ લાખ રૂપિયાનું રોકાણ કરીને ૨૦ ગધેડા સાથે શરૂઆત કરી હતી.

ધીરેન સોલંકીએ કહ્યું કે શરૂઆતનો તબક્કો મુશ્કેલ હતો, ગુજરાતમાં ગધેડીના દૂધની કોઈ માંગ ન હતી અને શરૂઆતના પાંચ મહિનામાં કંઈ કમાણી થઈ ન હતી. આ પછી તેણે દક્ષિણ ભારતની કંપનીઓનો સંપર્ક કર્યો, જ્યાં ગધેડીના દૂધની માંગ છે. હવે ધીરેન સોલંકી કર્ણાટક અને કેરળમાં ગધેડીનું દૂધ સપ્લાય કરે છે. તેના ગ્રાહકોમાં કોસ્મેટિક કંપનીઓ છે જેઓ તેમના ઉત્પાદનોમાં ગધેડીનું દૂધ વાપરે છે.

ગધેડીના દૂધના ભાવ વિશે પૂછવામાં આવ્યું ધીરેન સોલંકીએ કહ્યું કે તે ૫,૦૦૦ થી ૭,૦૦૦ રૂપિયા પ્રતિ લીટરના ભાવે ગધેડીનું દૂધ વેચે છે. ૬૫ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાતા ગાયના દૂધ સાથે તેની સરખામણી કરી શકાય નહીં. ગધેડીના દૂધને હંમેશા તાજું રાખવા માટે તેને ફ્રીઝરમાં સ્ટોર કરી રાખવામાં આવે છે. ગધેડીના દૂધને સૂકવીને પાઉડર સ્વરૂપે પણ વેચવામાં આવે છે, જેની કિંમત આશરે રૂ. ૧ લાખ પ્રતિ કિલો છે.

ધીરેન સોલંકીના ફાર્મમાં હવે ૪૨ ગધેડી છે અને તેણે અત્યાર સુધીમાં લગભગ ૩૮ લાખ રૂપિયાનું રોકાણ કર્યું છે. તે કહે છે કે તેણે હજુ સુધી રાજ્ય સરકાર પાસેથી કોઈ મદદ લીધી નથી, પરંતુ તે ઈચ્છે છે કે સરકાર આ ક્ષેત્ર પર પણ ધ્યાન કેન્દ્રિત કરે.

પ્રાચીન કાળથી ગધેડીના દૂધનો ઉપયોગ કરવામાં આવે છે, કેટલાક દાવો કરે છે કે ઇજિપ્તની રાણી ક્લિયોપેટ્રા ગધેડીના દૂધથી સ્નાન કરતી હતી. ગ્રીક ચિકિત્સક હિપ્પોક્રેટ્સે, યકૃતની સમસ્યાઓ, નાકમાંથી રક્તસ્રાવ, ઝેર, ચેપી રોગો અને તાવ માટે ગધેડીના દૂધથી સારવાર કરવાનું સૂચવ્યું હોવાનું માનવામાં આવે છે. ગધેડીના દૂધના ઘણા ફાયદા હોવા છતાં, આધુનિક યુગમાં ગધેડીના દૂધના વ્યાપમાં ઘટાડો જોવા મળ્યો છે. પરંતુ હવે ફરી વૈજ્ઞાનિકોએ તેની ક્ષમતા શોધી કાઢી છે. પરંતુ તેની ઉપલબ્ધતા હજુ પણ મર્યાદિત છે અને ભાવ ખુબ ઊંચા છે.

# અત્યંત ભયાનક પ્રદુષણ એટલે નેનો પ્લાસ્ટિક

**માનવીના વાળની જાડાઈ કરતાં પણ ૪૭૦૦ ગણો સૂક્ષ્મ પ્લાસ્ટિકનો જે કણ છે તેને નેનો પ્લાસ્ટિક કહેવામાં આવે છે જ્યારે તમે પ્લાસ્ટિકની બોટલ માંથી શુદ્ધ ગંગાજળ જેવું પારદર્શક ઠંડુ પાણી પીવો છો ત્યારે તમારા પેટમાં ટાઢક થાય છે પરંતુ તે પહેલા નેનો પ્લાસ્ટિકના અઢી લાખ જેટલા નેનો પાર્ટીકલ્સ તમારી હોજરી માં પહોંચીને તમારા શરીરના આંતરિક અંગોને જે નુકસાન પહોંચાડે છે તે જેવું તેવું નથી !!**



અતિશય પારદર્શક બોટલ ની અંદર ભરેલું એકદમ સ્વચ્છ પાણી જાણે શુદ્ધ ગંગાજળ હોય તેવું લોકોને લાગે છે અને શરીર સીધું હિમાલયની ઠંડક આપતું આ પાણી લાખો લોકો પીવે છે. પરંતુ તેમને ખબર નથી કે પ્લાસ્ટિકની આ બોટલ ની અંદર લાખોને કરોડોની સંખ્યામાં પ્લાસ્ટિકના માઇક્રો કણ કે જેને નેનો પ્લાસ્ટિક કહેવામાં આવે છે તે પાણીમાં ભળેલા હોય છે જે આરોગ્યને ભયાનક રીતે નુકસાન પહોંચાડે છે આ વસ્તુ અત્યંત જોખમી હોવા છતાં આજે આપણે સૌ પારદર્શક પાણીની બોટલને પ્રેમથી શુદ્ધ ગંગાજળ માનીને પી રહ્યા છીએ રેલ્વેમાં પણ રેલ જલ નામે આવી બોટલો છૂટથી વેચવામાં આવે છે પણ આ કેટલું નુકસાન કરે છે તેની હકીકત આંખ ઉઘાડી નાખે તેવી છે.

એક લિટર પાણીની બોટલમાં કરોડો નેનો પ્લાસ્ટિકના નેનોકણ હોય છે.

કોલમ્બિયા યુનિવર્સિટીના વિજ્ઞાનીઓએ બે અઠવાડિયા પહેલાં સ્ટિમ્યુલેટેડ રામન સ્કેટરિંગ માઈક્રોસ્કોપી નામનું તદ્દન લેટેસ્ટ માઈક્રોસ્કોપ વાપરીને અમેરિકાની ત્રણ ખ્યાતનામ કંપનીઓની પાણીની બોટલોના પાણીની તપાસ કરી. પરિણામ ચોંકાવનારા હતા. કોઈ બોટલમાં નેનો પ્લાસ્ટિકના ૧.૧૦ લાખ કણ હતા તો કોઈ બોટલમાં ૩.૭૦ લાખ કણ હતા. પાણીની સૌથી સલામત ગણાતી બોટલો જેમાંથી બને છે તે પોલિથિલીન-ટેરેપ્થાલેટ જાતના પ્લાસ્ટિક સહિત ૭ જાતના પ્લાસ્ટિકના નેનો-કણ જોવા મળ્યા. અમેરિકામાં સલામતીના ધોરણો સૌથી કડકાઈથી પાળવામાં આવે છે. ત્યાંના પાણીની જો આ સ્થિતિ હોય તો બાકી દેશોના પાણીનું પૂછવું જ શું? આપ જ્યારે પ્લાસ્ટિકની બોટલ માંથી ઠંડુ પાણી પીવો છો ત્યારે તમને ખબર નથી કે એક લીટર પાણીની બોટલમાં નેનો પ્લાસ્ટિકના ઓછામાં ઓછા લાખ સૂક્ષ્મ કણો પણ તમારા પેટમાં ઉતરી જાય છે અને તે તમારા આરોગ્યને ભયંકર નુકસાન પહોંચાડે છે પાણીમાં

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

પ્લાસ્ટિકના આટલા બધા કણ આવ્યા ક્યાંથી? પ્લાસ્ટિકને લોકપ્રિય અને સલામત બનાવવા તેને ખૂબ ટકાઉ બનાવવામાં આવ્યું. છતાં જ્યાં ત્યાં વેરાયેલા પ્લાસ્ટિકને ગરમીના કારણે, અતિશય ઠંડીના કારણે સૂક્ષ્મ ઘસારો લાગે જ છે.પાણીની બોટલની જ વાત કરીએ તો પાણીની બોટલ જ્યારે તમારા હાથમાં દબાય છે તે કડડડડડ અવાજ કરે છે. ફરી મૂળ આકારમાં આવી જાય છે, પરંતુ કડડડડ અવાજ થાય ત્યારે વાળ કરતાં પચાસ હજારથી એક લાખ ગણા નાના નેનો-કણ તેમાંથી છૂટા પડીને પાણીમાં ભળી જાય છે. તમે બોટલનું ઢાંકણ જેટલી વખત ખોલો-બંધ કરો છો તેટલી વખત પ્લાસ્ટિક ઘસારો પામે છે અને તેના નેનો-કણ પાણીમાં ભળે છે. આપણા ઘરમાં વપરાતી પ્લાસ્ટિકની દરેક બોટલ, પેકેટ, ડબ્બા, કન્ટેનરમાં પણ આ ઘટના બનતી રહે છે. નેનો-કણ સર્જાતા રહે છે અને ડબ્બા, બોટલ, કન્ટેનરમાં સંઘરાયેલા ચા, કોફી, ખાંડ, મીઠા, કાળા મરી, મસાલા સહિત દરેક પદાર્થમાં તે ભળતા રહે છે. ઘરની બહાર પણ આવી રીતે બજાજ કરે છે

જ્યારે તમે ગરમ ગરમ ચા પેપર કપ માં રડો છો ત્યારે તેને જોડવા માટે જે પેરેફીન વેક્સના જે રસાયણો વપરાય છે તે ગરમ ચા ની અંદર ભળે છે અને તમારા પાચનતંત્રને તે ખરાબ કરે છે આવી રીતે કોઈ ઠંડા પીણા જ્યારે તમે પ્લાસ્ટિકના ગ્લાસમાં પીવો છો અને જ્યારે તે પ્લાસ્ટિકનો ગ્લાસ દબાય છે ત્યારે તેના ઘણું આ ઠંડા પીણમાં ભળે તમારા પેટમાં ઉતરી જાય છે અને આરોગ્યને નુકસાન કરે છે. પ્લાસ્ટિકની દરેક વસ્તુના માઈક્રો અને નેનો પ્લાસ્ટિક કણ બનતા રહે છે. હવા, માટી વગેરેમાં ભળતા રહે છે, આપણા શરીરમાં આવતા રહે છે. તે આપણને કેટલા માંદા પાડે છે અને તેનાથી શી રીતે બચી શકાય તેની વાત હવે પછીપ!

પ્લાસ્ટિક રાક્ષસનો જન્મ ૧૮૬૨માં થયો હતો દોઢસો વર્ષ પહેલાં ૧૮૬૨માં એલેક્ઝાન્ડર પાર્કસે પાર્કસાઈન નામના પ્લાસ્ટિકની શોધ કર હતી. ૧૯૦૭માં લિયો બેકેલાઈટે સદંતર રસાયણિક બેકેલાઈટ પ્લાસ્ટિકની શોધ કરી. પછીન વર્ષોમાં પોલિથિલીન, પોલિવિનાઈલ, પોલિસ્ટરીન, પોલિપ્રોપિલીન અને પોલિસ્ટિરીન જેવા પ્લાસ્ટિક શોધાયા. બીજા વિશ્વયુદ્ધ પછી મંદી અને અછતમાંથી વિકાસ કરવા પ્લાસ્ટિકનો ઉપયોગ દરેક ક્ષેત્રમાં કરવાના સફળ અખતરા થતા રહ્યા. આપણા ફર્નિચર, વાસણો, પેકેજિંગ, વાહનો, કોસ્મેટિક્સ, બેગ્સ, ડિટરજન્ટ, રોગપ્રતિકારક પદાર્થો, સેનિટાઈઝર્સ, ટૂથપેસ્ટ, વેટવાઈપ્સ અને પાણીની બોટલો જેવા તમામ ક્ષેત્રોમાં પ્લાસ્ટિક વપરાવા લાગ્યું. દરેક ક્ષેત્રમાં ઉપયોગ થવા લાગ્યો તો પ્લાસ્ટિકના કચરાના પર્વતો સર્જાયા. પ્લાસ્ટિકનો કચરો ક્યાં ક્યાં પહોંચ્યો છે અને કેવા કેવા નુકસાન કરી રહ્યો છે તેની તપાસ કરવામાં આવી. તેમાં ખબર પડી કે આપણા ખોરાક અને પાણી સાથે સૂક્ષ્મ માઈક્રોપ્લાસ્ટિક દાણા, રેસા અને ટુકડા સ્વરૂપે દરરોજના લાખ્ખોની સંખ્યામાં શરીરમાં ઠલવાઈ રહ્યું છે.પાણીમાં જ નહીં હવા, માટી અને બરફમાં પણ માઈક્રો-નેનોપ્લાસ્ટિક!

પ્લાસ્ટિક આખા જગતની ધરતી, મહાસાગરો અને બરફ પર ફરી વળ્યું છે. દરેક પદાર્થ પર જાતજાતનો ઘસારો પડતો રહેવાથી તેના સૂક્ષ્મ કણ જ્યાં-ત્યાં વેરાતા રહે છે. આ હકીકત જાણતા વિજ્ઞાનીઓએ તર્ક કર્યો કે પ્લાસ્ટિકનો પણ ઘસારો તો થતો જ હશે. તાજેતરમાં જગતની બધી નદી, સરોવર, મહાસાગર, ધ્રુવપ્રદેશ રણ, માટી અને હવાનો અભ્યાસ કર્યો તો ખબર પડી કે હવા, માટી, પાણી અને બરફ બધે જ પ્લાસ્ટિકના માઈક્રો તથા માઈક્રો અને નેનો કણ ફરી વળ્યા છે. હવા, પાણી, ખોરાક વાટે તે રોજેરોજ લાખ્ખો કરોડોની સંખ્યામાં આપણા પાણી અને ભોજનમાં ભળીને શરીરમાં ઠલવાઈ રહ્યા છે. આમાંથી બચવાનો એકમાત્ર ઉપાય એ છે કે ઘરમાં માટલાનું પાણી પીવો. પ્લાસ્ટિકની બોટલને બદલે ત્રાંબાના પતરામાંથી બનેલી બોટલ વાપરો. માટીના બનેલા વાસણમાં પાણી ઠારો અને તે પીવો તેમાં થોડો સુગંધી વાળો અથવા તો તકમરીયા ઉમેરો વરિયાળી ઉમેરો અને આ પાણી પીવો ઉનાળાની અંદર તમારું આરોગ્ય સુધરશે, ગરમી નહિ લાગે, લુ નહીં લાગે. બાકી હવે પ્લાસ્ટિકની બોટલને રામરામ કરશો તો ૧૦૦ વર્ષ આરામથી વગર દવાએ જીવી શકશો તેમાં શંકા ને કોઈ સ્થાન નથી વહેલી સવારે તાંબાના લોટામાં રાખેલું પાણી પીવાથી તમે કોઈ દિવસ બીમાર નહીં પડો તેની ગેરંટી પ્રાચીન ભારતનું આરોગ્ય શાસ્ત્ર આપે છે જેને અનુસરવું હવે જરૂરી બની ગયું છે.

# ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ માટે આગામી બે અઠવાડિયામાં ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવશે

નવીદિલ્હી

લગભગ બે અઠવાડિયાની વાત છે, તે પછી જૂનમાં યોજાનારા ટી ૨૦ વર્લ્ડ કપ ( ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪) માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવશે. એવું પણ શક્ય છે કે પસંદગી સમિતિએ નામો પસંદ કરીને સાચવી લીધા હોય અને માત્ર જાહેરાત થવાની બાકી હોય, પરંતુ કેટલાક ખેલાડીઓને લઈને મીડિયા, ભૂતપૂર્વ ક્રિકેટરો અને ચાહકોમાં ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. કારણ એ છે કે અસાધારણ પ્રદર્શનના આધારે અગરકર એન્ડ કંપનીની સામે અચાનક એવા વિકલ્પો ઉભા થઈ ગયા કે સ્થિતિ એવી બની ગઈ કે કોને છોડવામાં આવે અને કોને વર્લ્ડ કપની ટિકિટ આપવામાં આવે. રિયાન પરાગને કેવી રીતે છોડવો, તો પછી શિવમ દુબેને કેવી રીતે અવગણવું? યુઝવેન્દ્ર ચહલને સાથે લેવો જોઈએ કે બિશ્નોઈને. અને તે દરમિયાન, ઝડપી ઉભરતા યુવા ફાસ્ટ બોલર મયંક યાદવે સતત બે મેચમાં બે પ્લેયર ઓફ ધ મેચ જીતીને પસંદગીના ખૂબ જ વ્યાકરણને ફટકો માર્યો છે.

મયંક ઈજાગ્રસ્ત થયા બાદ છેલ્લી ત્રણ મેચમાં રમ્યો નથી. ટીમ દ્વારા તેમના વિશે કોઈ નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. જાણે કે વર્લ્ડ કપ માટે કોઈ રણનીતિ કામ કરી રહી છે, પરંતુ તેનાથી વિપરીત ભૂતપૂર્વ દિગ્ગજ ટોમ મૂડીએ એક વેબસાઈટ સાથે વાત કરતા મયંકને લઈને ચેતવણી આપી છે. મૂડીએ કહ્યું કે મેં મયંકને જે કેટલીક મેચોમાં જોયો તે એટલી હદે અસાધારણ હતી કે તમે વારંવાર રિપ્લે જોવા માંગો છો, પરંતુ તમે તેના પર વિચાર કર્યા વિના પ્રતિક્રિયા આપી શકતા નથી. ખાસ કરીને જ્યારે તે ટી ૨૦ વર્લ્ડ કપની પસંદગી સાથે સંબંધિત હોય. મયંક માત્ર બે મેચ રમ્યો છે અને તે ઈજાગ્રસ્ત થયો છે.

ભૂતપૂર્વ ક્રિકેટરે કહ્યું કે તમે ખરેખર નથી જાણતા કે તે લાંબા સમય સુધી, દબાણની ક્ષણોમાં અને વિવિધ ભૂમિકાઓમાં શું કરી શકે છે. તેમાં કોઈ શંકા નથી કે તે ભવિષ્યનો સ્ટાર ખેલાડી છે અને તેની કાળજી લેવાની જરૂર છે, પરંતુ મારા મતે તેને આ વર્ષની આવૃત્તિ માટે નહીં પણ ૨૦૨૬ના વર્લ્ડ કપ માટે જોવો જોઈએ.

# જિગરા ફિલ્મ માટે આલિયા બાસ્કેટ બોલની ટ્રેનિંગમાં વ્યસ્ત બની ગઈ




મુંબઈ

આલિયા ભટ્ટ પોતે 'જિગરા' ફિલ્મનું નિર્માણ કરી રહી છે અને આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા પણ ભજવી રહી છે. ફિલ્મના રોલને ન્યાય આપવા માટે તે હાલ બાસ્કેલ બોલની ઘનિષ્ઠ ટ્રેનિંગ લઈ રહી હોવાનું જાણવા મળે છે. ફિલ્મની વાર્તા બાસ્કેટ બોલની ગેમ આધારિત હોવાથી દિગ્દર્શક વાસન બાલાએ આલિયાને કહ્યું હતું કે પરફેક્શન માટે તેણે બાસ્કેટ બોલની બાકાયદા ટ્રેનિંગ લેવી જોઈએ. તે પછી આલિયા માટે એક ખાસ કોચ નિયુક્ત કરાયા હતા. આલિયાને આ રમતના નિયમો શિખવાડવામાં આવ્યા હતા. બાદમાં તેની પ્રેક્ટિકલ ટ્રેનિંગ શરુ થઈ હતી. આલિયાને બાસ્કેટ બોલના નિપુણ ખેલાડીઓ સાથે રમાડવામાં આવી હતી અને તેને ડ્રબલ તથા ડબલ ડ્રિબલ કઈ રીતે પાસ કરવા, બાસ્કેટમાં બોલ કઈ રીતે નાખવો વગેરે શિખવાડાયું હતું.

# ૨૪મીથી NSE નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ પર ડેરિવેટિવ્ઝ લોન્ચ કરશે

અમદાવાદ


ટ્રેડ થયેલા કોન્ટ્રાક્ટના આધારે વર્ષ ૨૦૨૩માં વિશ્વના નંબર ૧ ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ, નેશનલ સ્ટોક એક્સચેન્જને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા તરફથી નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ (NIFTYNXT50) પર ડેરિવેટિવ્ઝ માટે મંજૂરી મળી ગઈ છે, જેના આધારે ૨૪ એપ્રિલ, ૨૦૨૪થી આ કોન્ટ્રાક્ટ લોન્ચ કરવામાં આવશે.

એક્સચેન્જ ૩ સીરિયલ માસિક ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈન્ડેક્સ ઓપ્શન્સ કોન્ટ્રાક્ટ સાયકલ ઓફર કરશે. રોકડમાં સેટલ થનારા ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ એક્સપાયરી મહિનાના છેલ્લા શુક્રવારે સમાપ્ત થશે.

નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ, નિફ્ટી ૫૦ની કંપનીઓને બાદ કરતાં નિફ્ટી ૧૦૦ની ૫૦ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરે છે. માર્ચ ૨૦૨૪ સુધીમાં, ઈન્ડેક્સમાં નાણાકીય સેવા ક્ષેત્રનું પ્રતિનિધિત્વ સૌથી વધુ ૨૩.૭૬%, ત્યારબાદ ૧૧.૯૧% સાથે કેપિટલ ગુડ્સ સેક્ટર અને ૧૧.૫૭% પ્રતિનિધિત્વ સાથે કન્ઝ્યુમર સર્વિસીઝ હતું. આ ઈન્ડેક્સ ૧ જાન્યુઆરી , ૧૯૯૭ના રોજ રજૂ કરવામાં આવ્યો હતો, જેના બેઝ ડેટ અને બેઝ વેલ્યુ અનુક્રમે ૩ નવેમ્બર ૧૯૯૬ અને ૧૦૦૦ હતા. વિતેલા વર્ષોમાં, ઈન્ડેક્સની પદ્ધતિમાં સુધારો થતો રહ્યો છે. ૪ મે, ૨૦૦૯થી ઈન્ડેક્સ કોમ્પ્યુટેશન પદ્ધતિને ફ્રી ફ્લોટ માર્કેટ કેપિટલાઈઝેશન વેઈટેડ મેથડમાં પરિવર્તિત કરવામાં આવી હતી. ત્યારબાદ, ઘટક શેરો માટે વેઈટ કેપિંગની રજૂઆત કરવામાં આવી હતી, જેના પર ડેરિવેટિવ્સ ઉપલબ્ધ ન હતા. ૨૦૨૩માં તેને સુધારીને ૧૦% પર મર્યાદિત નોન-F&O શેરોમાં પરિવર્તિત કરવામાં આવ્યું હતું, જ્યારે ઈન્ડેક્સમાં નોન-હ્વર્ર્ સ્ટોક વ્યક્તિગત રીતે ત્રિમાસિક રિબેલેન્સ તારીખો પર ૪.૫% પર મર્યાદિત છે.

આ પ્રસંગે, NSEના ચીફ બિઝનેસ ડેવલપમેન્ટ ઓફિસર શ્રીરામ કૃષ્ણને જણાવ્યું હતું કે “નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ (NIFTYNXT50) પર ડેરિવેટિવ્ઝની શરૂઆત હાલના ઈન્ડેક્સ ડેરિવેટિવ્ઝ પ્રોડક્ટ માળખા માટે સારી રીતે પૂરક બનશે. નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ, ટોચના લાર્જ અને લિક્વિડ ggv સ્ટોક્સ ધરાવતા નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ અને ટોચના લાર્જ અને લિક્વિડ મિડ કેપિટલાઈઝ્ડ સ્ટોક્સ ધરાવતા નિફ્ટી મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સ વચ્ચેની જગ્યાનું પ્રતિનિધિત્વ કરશે.”

# પુષ્પા - ૨ ફિલ્મે રચ્યો ઈતિહાસ ! રિલીઝ પહેલા જ ૧૦૦૦ કરોડનો બિઝનેસ કર્યો






મુંબઈ,

સાઉથ સિનેમાનો સુપરસ્ટાર અલ્લુ અર્જુન તેની આગામી ફિલ્મ ‘પુષ્પા ૨: ધ રૂલ’ને લઈને ખંબ ચર્ચામાં છે. સુપરસ્ટારના જન્મદિવસના અવસર પર નિર્માતાઓએ ફિલ્મનું ટીઝર બધા સાથે શેર કર્યું હતું. ટીઝરમાં અલ્લુ અર્જુનની ઝલક જોયા પછી બધાને ખાતરી હતી કે આ ફિલ્મ જબરજસ્ત હશે. જોકે, ફિલ્મનું પ્રમોશન હજી શરૂ પણ થયું નથી તે પહેલા પિક્ચરે જોરદાર બિઝનેસ કરી લીધો છે. વર્ષ ૨૦૨૧માં આવેલી ફિલ્મ પુષ્પાઃ ધ રાઈઝે બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી હતી. હવે આ ફિલ્મનો બીજો ભાગ ‘પુષ્પા ૨: ધ રૂલ’ રિલીઝ પહેલા જ બિઝનેસ કરવા લાગી છે. એક રિપોર્ટ અનુસાર, અલ્લુ અર્જુનની ફિલ્મ સિનેમાઘરોમાં રિલીઝ થાય તે પહેલા જ તેની કમાણી ૧૦૦૦ કરોડ રૂપિયાના આંકડાને સ્પર્શી ગઈ છે. પુષ્પા એક મોટી બ્રાન્ડ બની ગઈ છે.

# અમેરિકામાં રહેતા ૬ ટકા ભારતીય અમેરિકનો ગરીબી રેખા નીચે જીવે છે

## અમેરિકામાં ૪૨ લાખ ભારતીયો રહે છે જેમાંથી ગુજરાતીઓની સંખ્યા સાડા આઠ લાખ જેટલી છે

નવીદિલ્હી,

અમેરિકામાં રહેતા ૬ ટકા ભારતીય અમેરિકનો ગરીબી રેખા નીચે જીવે છે. આ વાત ભારતીયોને ગળે ઉતરે એવી નથી પરંતુ હમણાં જ અમેરિકાની પ્યુ રિસર્ચ સેન્ટર નામની સંસ્થાએ જાહેર કરેલા ૨૦૨૩ના આંકડા મુજબ અમેરિકામાં જીવતા ભારતીય ગરીબોની ટકાવારી જાહેર કરવામાં આવી હતી. એમાંથી ૧૪ ટકા તો એવા છે જે પોતાનો મેડિકલ ખર્ચ પણ કરી શકતા નથી. એશિયામાંથી બર્મી અમેરિકનની સ્થિતિ ૧૯ ટકા સાથે સૌથી કફોડી છે. જ્યારે ૧૩ ટકા પાકિસ્તાની અમેરિકન ગરીબીની રેખા નીચે જીવે છે. જ્યારે સૌથી ઓછા ક્રમે ભારતીય અને શ્રીલંકન અમેરિકન છે જેનું પ્રમાણ ૬ ટકા છે.

મળતી માહિતી પ્રમાણે અમેરિકામાં ૪૨ લાખ ભારતીયો રહે છે જેમાંથી ગુજરાતીઓની સંખ્યા સાડા આઠ લાખ જેટલી છે. એ પ્રમાણે ઉપરોક્ત છ ટકાની વાત કરવામાં આવે તો અઢી લાખ ભારતીયો અમેરિકામાં ગરીબીની રેખા નીચે જીવે છે. જેમાં ગુજરાતીઓનું પ્રમાણ ૫૦ હજાર છે. આમાંના મોટા ભાગના એ સર્વે દરમ્યાન જણાવ્યું હતું કે અમેરિકામાં આવવા માટે તેમણે જે આર્થિક સપનું જોયું હતું તે હવે સાવ ધૂંધળું થઈ ગયું છે. ૨૦૨૨-૨૦૨૩ દરમ્યાન ૭૦૦૬ જેટલા એશિયન જૂથ પર થયેલા આ સર્વેમાં બર્મા મૂળના અમેરિકન સૌથી વધુ ગરીબીની રેખા નીચે જીવે છે જ્યારે ભારતીય મૂળના અમેરિકનોની સંખ્યા સૌથી ઓછી એટલે કે ૬ ટકા છે.

ગરીબીની રેખા નજીક જીવતા હોય એવા ૪૨ ટકા એશિયનોમાં શાળાની ફી ભરવાની મુશ્કેલીઓ વર્તાઈ રહી છે. જો કે કોલેજ કક્ષાનું ભણતર આ સમુદાયમાં ખાસ્સું ઓછું છે. અમેરિકામાં ૩૩ ટકા ગરીબીની રેખા નીચે જીવે છે જ્યારે ૩૮ ટકા ગરીબીની રેખાની નજીક છે તેવા લોકો પોતાના ફૂડ માટે આસપાસની સામાજિક સંસ્થાઓ પર આધાર રાખે છે, તેમને ભાડુ ભરવામાં, વીજળીના બિલ ભરવામાં, શિક્ષણ અને આરોગ્યનો ખર્ચ કરવામાં મુશ્કેલી પડે છે.


આ સર્વેમાં અમેરિકામાં રહેતા એશિયનમાં ૬૦ ટકા લોકો પોતાના મિત્ર વર્તુળો અને સગાઓ પાસેથી વીજળીના બિલ માટે, ઘરના નિભાવ માટે, નોકરી માટે મદદ લે છે. જ્યારે ૨૧ ટકા એશિયન એવા છે જે ધાર્મિક સંસ્થાઓમાંથી મદદ મેળવે છે.

# દીપિકાને લીડ રોલમાં દર્શાવતી "લેડી સિંઘમ" આવશે : રોહિત શેટ્ટી

મુંબઈ,

ફિલ્મ સિંઘમ અગેઈનમાં રોહિત શેટ્ટીએ કોપ યુનિવર્સનો વ્યાપ વધારવાનો પ્રયાસ કર્યો છે. આ ફિલ્મમાં સૂર્યવંશી (અક્ષય કુમાર) અને સિમ્બા (રણવીર સિંહ)ને સિંઘમની મદદ માટે લાવવાની સાથે લેડી સિંઘમનું કેરેક્ટર પણ ઉમેરવામાં આવ્યું છે. લેડી સિંઘમ તરીકે શક્તિ શેટ્ટીના રોલમાં દીપિકા પાદુકોણના એક્શન અવતારને ઓડિયન્સે ખૂબ બિરદાવ્યું છે.દીપિકાને લેડી સિંઘમ તરીકે મળેલા રિસ્પોન્સના પગલે





રોહિત શેટ્ટીએ એક પગલું આગળ વધી "સિંઘમ અગેઈન" પછી "લેડી સિંઘમ'નું એલાન કરી દીધું છે.

"લેડી સિંઘમ' બનાવવાની ઈચ્છા રોહિત શેટ્ટી અગાઉ અનેક વખત જાહેર કરી ચૂક્યા છે અને લીડ રોલમાં દીપિકા પાદુકોણ નિશ્ચિત હોવાનું મનાતું હતું.

# કેનેડામાં આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ વિઝાની મંજૂરી માટેના નિયમોમાં ફેરફાર

**સ્ટુડન્ટ વિઝા મંજૂર થવામાં લાગે છે ત્રણથી ચાર મહિનાનો સમય**

ઓન્ટારિઓ/ટોરોન્ટો,

આ વર્ષ ની શરૂઆતથીજ કેનેડિયન સ્ટુડન્ટ વિઝા મંજૂર થવામાં ત્રણથી ચાર મહિનાનો સમય લાગી રહ્યો છે. કેનેડીયન સરકાર દ્વારા આ વર્ષે આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ વિઝાની મંજૂરી માટેના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. કેનેડિયન વિદ્યાર્થી વિઝા સલાહકારો નિર્દેશ કરે છે કે કેનેડિયન સરકારે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની




સંખ્યા મર્યાદિત કરવા સહિત વિદ્યાર્થી વિઝામાં ઘણા ફેરફારો લાગુ કર્યા છે. કેનેડિયન પ્રાંત દ્વારા જાહેર કરાયેલ પ્રમાણિત પત્રો હવે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે વિઝા મેળવવા માટે ફરજિયાત છે. કોલેજ/યુનિવર્સિટી તરફથી દરખાસ્ત પત્રો પણ ફરજિયાત બનાવવામાં આવ્યા છે. સલાહકારોએ એમ પણ કહ્યું કે આ ફેરફારો ૨૨ જાન્યુઆરીથી અમલમાં આવ્યા છે અને ઘણા પ્રાંતો/પ્રદેશોએ હજુ સુધી વેરિફિકેશન લેટર્સ જારી કર્યા નથી, જેના કારણે તેમના વિઝા હજુ સુધી મંજૂર થયા નથી.

# અરે વકાર, ત્યારે મને તું બહુ ઘમંડી લાગ્યો, દોસ્ત : રૂપાલી ગાંગુલી



મુંબઈ

રૂપાલી ગાંગુલીની ટીવી સીરિયલ 'અનુપમા'એ નાના પડદાના તમામ શોને પાછળ છોડી દીધા છે. દરરોજ ચાહકોને આ સિરિયલમાં નવા-નવા ટ્વિસ્ટ અને ટર્ન્સ જોવા મળે છે. લગભગ ત્રણ મહિના પહેલા મેકર્સે 'અનુપમા'માં થોડા વર્ષોની છલાંગ લગાવવાનું નક્કી કર્યું હતું. આ છલાંગને કારણે વાર્તામાં ઘણા નવા પાત્રોનો પ્રવેશ થયો. યશદીપ આ પાત્રોમાંથી એક છે. પ્રખ્યાત અભિનેતા વકાર શેખ યશદીપની ભૂમિકા ભજવી રહ્યો છે, જે અનુજની ગેરહાજરીમાં અનુપમાને સપોર્ટ કરે છે. વકાર શેખે જણાવ્યું કે રૂપાલી ગાંગુલીને લાગ્યું કે તે ખૂબ જ અહંકારી છે.

વકારે કહ્યું, “ખરેખર મેં ઘણા વર્ષો પહેલા રૂપાલી ગાંગુલી સાથે કામ કર્યું હતું. આ ઘટનાને કદાચ ૧૨ થી ૧૩ વર્ષ વીતી ગયા છે. મેં રૂપાલી સાથે એક પ્રોજેક્ટ શૂટ કર્યો હતો. ફરાહ જી, આ તબ્બુની મોટી બહેન ફરાહ નાઝનો પ્રોજેક્ટ હતો, જે એક પ્રખ્યાત અભિનેત્રી પણ રહી ચુકી છે. તે સમયે તેણે એક ટેલિફિલ્મ બનાવી હતી. રૂપાલી અને હું આ ફિલ્મનો ભાગ હતા. અમારી સાથે કેટલાક અન્ય કલાકારો પણ હતા. હવે મને તે બરાબર યાદ નથી કારણ કે તે ખૂબ જૂની વાર્તા છે. ત્યારે અમે બહુ વાત કરી ન હતી. પરંતુ રૂપાલીએ તે સમયે મારા વિશે એક ધારણા બનાવી લીધી હતી.

# ધોનીનું મન હંમેશા અપડેટ રહે છે, પરંતુ કદાચ તેનું શરીર હવે નબળું પડી ગયું છે : ઉથપ્પા



મુંબઈ,

આ ઉંમરે મહેન્દ્ર સિંહ ધોનીની સક્રિયતા બધાને ચોંકાવી દે છે. પૂર્વ બેટ્સમેન રોબિન ઉથપ્પાએ કહ્યું કે ધોનીનું મન હંમેશા અપડેટ રહે છે. જો કોઈ વસ્તુ તેને ક્રિકેટથી દૂર રાખી શકે છે તો તે તેની વધતી ઉંમર છે. કારણ કે અમુક સમયે શરીર સહકાર આપવાનું બંધ કરી દે છે. તેની ટૂંકી પરંતુ અસરકારક ઈનિંગ્સના કારણે ચેન્નાઈની ટીમમાં ઉત્સાહ છવાયેલો છે. ધોનીએ તેની છેલ્લી મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સ સામે ૯ બોલમાં ૨૮ રન બનાવ્યા હતા.

ઉથપ્પાએ કહ્યું, "એક જ વસ્તુ જે તેને રોકી રહી છે તે તેનું સ્વાસ્થ્ય છે. તેની ફિટનેસ જ તેને આગળ રમવાથી રોકશે. તે રમતને પસંદ કરે છે અને તેના પ્રત્યે અત્યંત જુસ્સાદાર છે. તે આગળ પણ ચાલુ રાખવા માંગે છે." "જો ત્યાં કંઈપણ છે જે તેને રોકશે, તો તે તેનું પોતાનું શરીર હશે." છેલ્લી મેચમાં ધોનીએ યશ ઠાકુરની બોલ પર બીજી સિક્સર ફટકારતા પહેલા મોહસીન ખાન પર ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો હતો.

# અભિષેકે પત્ની ઐશ્વર્યા પર વરસાવ્યો પ્રેમ, લગ્નના ૧૭ વર્ષ પૂરા, આરાધ્યાની સ્મિતે ચોરી લીધી લાઈમલાઈટ

મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચન તેના કામની સાથે સાથે તેની અંગત જીવનને કારણે પણ ચર્ચામાં રહે છે. ઐશ્વર્યા અને અભિષેક ફેન્સના ફેવરિટ કપલમાંથી એક છે. ચાહકો બંનેને સાથે જોવાનું પસંદ કરે છે. જો કે, ભૂતકાળમાં તેમના લગ્નને લઈને વિવિધ પ્રકારના સમાચાર પણ સામે આવ્યા હતા. પરંતુ હવે ચારે બાજુથી અફવાઓ પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. ઐશ્વર્યા અને અભિષેકે તેમના લગ્નની વર્ષગાંઠ પર એક સુંદર પોસ્ટ શેર કરી છે.

ઐશ્વર્યા અને અભિષેકના લગ્નના ૧૭ વર્ષ પૂર્ણ થયા છે. બંનેએ ૨૦ એપ્રિલ ૨૦૦૭ના રોજ લગ્ન કર્યા હતા. તેમના લગ્નની વર્ષગાંઠના અવસર પર, ઐશ્વર્યા અને અભિષેકે તેમના સંબંધિત ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સમાન તસવીર શેર કરી છે. ઐશ્વર્યા અને અભિષેક સિવાય આ તસવીરમાં જેણે બધાની લાઈમલાઈટ કબજે કરી છે તે છે આરાધ્યા બચ્ચન. આરાધ્યાની તેના માતા-પિતા સાથેની આ તસવીર ખૂબ જ ક્યૂટ છે. ચાહકો આ પોસ્ટ પર ઘણો પ્રેમ વરસાવી રહ્યા છે. આ તસવીર શેર કરતી વખતે ઐશ્વર્યા અને અભિષેકે કેપ્શનમાં માત્ર એક જ રેડ હાર્ટ ઈમોજી બનાવી છે. તેની આ તસવીર માટે આટલું જ પૂરતું છે. ઐશ્વર્યા અવારનવાર તેના પરિવાર સાથેની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરતી રહે છે. ખાસ કરીને દીકરી આરાધ્યા સાથે. બોલિવૂડ સ્ટાર્સથી લઈને ફેન્સ સુધી દરેકે આ કપલની પોસ્ટ પર ખૂબ જ પ્રેમ વરસાવ્યો છે. તે જ સમયે, ઘણા વપરાશકર્તાઓ આરાધ્યાની સુંદરતાના વખાણ કરી રહ્યા છે.

ઐશ્વર્યા અને અભિષેકની લવસ્ટોરીની વાત કરીએ તો બંનેએ ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. ફિલ્મો દરમિયાન જ બંને વચ્ચે પહેલા મિત્રતા થઈ અને પછી આ મિત્રતા પ્રેમમાં બદલાઈ ગઈ. કહેવાય છે કે અભિષેકે ન્યૂયોર્કની એક હોટલની બાલ્કનીમાં ઉભા રહીને ઐશ્વર્યા સામે પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો હતો.



સૌરાષ્ટ્ર આજતક

# ૨૭મીથી તાલીમ સાથે સરકારી કર્મચારીઓ બેલેટથી કરશે મતદાન

## રાજકોટમાં જુદા જુદા સ્થળે ચાલનારી ત્રણ દિવસની તાલીમમાં તમામ કર્મચારીઓ પાસે બેલેટ પેપરથી મતદાન કરાવી લેવાશે: પોલીસ કર્મચારીઓ માટે પણ અલગ વ્યવસ્થા ઊભી કરાશે

રાજકોટ

લોકસભાની ચૂંટણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે રાજકોટ સંસદીય ચૂંટણીની ફરજમાં રોકાયેલા ૧૮૦૦૦થી વધુ સરકારી કર્મચારીઓની ૨૭મી એપ્રિલથી ફરી તાલીમ કેમ્પ શરૂ કરવામાં આવી રહ્યો છે. તાલીમ કેમ્પ દ્વારા જ તમામ સરકારી કમર્ચારીઓનો બેલેટ પેપરથી ૧૦૦ ટકા મતદાન કરાવી દેવામાં આવશે. જયારે પોલીસ કર્મચારીઓ માટે હેડ કવાર્ટર અને પ્રાંત કચેરીઓ ખાતે બેલેટ પેપરથી મતદાનની અલગ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.



રાજકોટ લોકસભાની ચૂંટણીનું અંતિમ ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે ત્યારે હવે ચૂંટણી જંગ શરૂ થઈ ગયો છે.જેના પગલે વહીવટી તંત્ર પણ ચૂંટણી લક્ષી કામગીરીની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યું છે. ગઈકાલે જનરલ ઓબ્ઝર્વર ભવાનીસિંગ દેથાની હાજરીમાં રાજકોટ જિલ્લાના ૧૮૦૦૦થી વધુ સરકારી કર્મચારીઓનું બીજી વખત રેન્ડેમાઈઝેશન કરવામાં આવ્યું હતું.

બીજી બાજુ મતદાન પ્રક્રિયા કેવી રીતે કરાવવી ? તે અંગે આગામી તા.૨૭ એપ્રિલથી રાજકોટ શહેર અને જિલ્લામાં અલગ અલગ સ્થળે તાલીમ કેમ્પ શરૂ થવા જઈ રહ્યો છે જેમાં રાજકોટમાં વિરાણી હાઈસ્કૂલ, પી.ડી.માલવીયા કોલેજ, કોર્પોરેશનના કોમ્યુનિટી હોલ અને આઈટીઆઈ સહિતના સ્થળોએ તાલીમ કેમ્પ રાખવામાં આવ્યા છે. જેમાં તાલીમ લેવા આવતાં કર્મચારીઓનું બેલેટ પેપરથી ૧૦૦ ટકા મતદાન કરાવી લેવામાં આવશે.આ ઉપરાંત પોલીસ કર્મચારીઓનું બેલેટ પેપરથી મતદાન કરાવવા માટે પોલીસ હેડ કવાર્ટર અને રાજકોટ જિલ્લાની પ્રાંત કચેરીઓમાં અલગથી વ્યવસ્થા ઉભી કરી મતકુટીર સહિતની સાધન સામગ્રી સાથે મતદાન કેન્દ્ર શરૂ કરવામાં આશે.

### જનરલ ઓબ્ઝર્વરે તમામ સ્ટ્રોંગરૂમની મુલાકાત લીધી

રાજકોટ લોકસભા ચૂંટણી પર દેખરેખ રાખવા માટે નિમાયેલા જનરલ ઓબ્વર્જર ભવાનીસિંગ દેથાએ આજે ચૂંટણી પ્રક્રિયાની કામગીરીનું નિરીક્ષણ કરવા માટે રાજકોટ શહેરના ચારેય સ્ટોંગરૂમ અને મત ગણતરી કેન્દ્રની મુલાકાત લીધી હતી. રાજકોટ શહેરનાં વિરાણી હાઈસ્કૂલ, પી.ડી.માલવીયા કોલેજ, કોર્પોરેશનના કોમ્યુનિટી હોલ સહિતના સ્થળોએ વિઝીટ કરી હતી. જયારે મતગણતરી કેન્દ્રની પણ મુલાકાત લીધી હતી.

# શહેર ભાજપ ધ્વારા મહાવીર સ્વામી જન્મ કલ્યાણક રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું

### મહાવીર સ્વામી જન્મ કલ્યાણક રથયાત્રાના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત રહેતા પરશોતમભાઈ રૂપાલા





રાજકોટ

કરૂણા સાગર ક્ષમા સાગર સ્વામી એટલે શ્રી મહાવીર સ્વામી, અનંત ઉપકારી શ્રવણ ભવગંત મહાવીર સ્વામીનો ૨૬૨૨મો જન્મ કલ્યાણક મહોત્સવ છે. મહાવીર સ્વામી જન્મ જયંતી કલ્યાણક રથયાત્રાનો શહેરના ચૌધરી હાઈસ્કુલ સામે મણીયાર દેરાસરથી શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ રથયાત્રામાં દર્શનાર્થે રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા ખાસ ઉપસ્થિત રહયા હતા. આ તકે રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, હરેશભાઈ વોરા, જીતુભાઈ કોઠારી ઉપસ્થિત રહયા હતા.મહાવીર સ્વામી જન્મ જયંતી કલ્યાણક રથયાત્રાનું રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીની આગેવાનીમાં શહેરના ત્રિકોણ બાગ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવેલ હતું. શહેર ભાજપના હોદેદારો, વોર્ડ સંગઠનમાંથી વિવિધ વોર્ડના પ્રભારી,વોર્ડપ્રમુખ, મહામંત્રી, વોર્ડના કોર્પોરેટરો, વિવિધ મોરચા–સેલના હોદેદારો તેમજ વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.આ તકે જૈન શ્રેષ્ઠીઓ, ભગવંતો વિગેરે ઉપસ્થિત રહયા હતા.

# અમદાવાદ : શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે હનુમાન જન્મોત્સવની ભવ્ય ઉજવણી

### અમદાવાદનાં અમરાઈવાડી ખાતે આવેલ નાગરવેલ હનુમાન મંદિરમાં શ્રી નાગરવેલ હનુમાનદાદાની ૧૧૦૦૦ દિવડાની મહાઆરતી સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમો



અમદાવાદ

અમદાવાદનાં અમરાઈવાડી-રખિયાલ રોડ પર આવેલ શ્રી નાગરવેલ હનુમાન મંદિરના મહંત શ્રી ૧૦૦૮ શ્રી રંગનાથાચાર્યજી મહારાજે જણાવ્યું છે કે શ્રી હનુમાન દાદાનો જન્મોત્સવ ઉજવવા હનુમાન ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે હનુમાન જન્મોત્સવની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે હનુમાન જન્મોત્સવ અનેરા ઉત્સાહ અને ધામધૂમથી ઉજવવામાં આવશે. તા.૨૩.૦૪.૨૦૨૪ ચૈત્ર સુદ પૂનમ મંગળવારના રોજ શ્રી હનુમાન જન્મોત્સવ નિમિત્તે શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે સવારથી લઈને સાંજ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સવારે ૬ કલાકે શ્રી હનુમાનદાદાની ઉત્થાપન આરતી અને ત્રિયંજન, સવારે ૮.૩૦ કલાકે ધ્વજારોહણ, સવારે ૯ થી ૧૨ કલાકે શ્રી આલોક પુજારીજી દ્વારા સુંદરકાંડનો પાઠ,બપોરે ૧૨ કલાકે શ્રી હનુમાન જન્મોત્સવની આરતી સાથે શૃંગાર દર્શન અને છપ્પન ભોગ (અન્નકૂટ) ધરવામાં આવશે.૧૨.૩૦ થી ૧ કલાકે મહાપ્રસાદી વિતરણ,બપોરે ૧ થી ૪ કલાકે ભંડારો,સાંજે ૫ થી ૭ કલાકે મારુતિ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ રાત્રે ૮.૩૦ કલાકે શ્રી નાગરવેલ હનુમાનદાદાની ૧૧૦૦૦ દિવડાંઓની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

# લગ્નોત્સવમાં ઉપસ્થિત રહીને નવદંપત્તીને આશીર્વાદ આપતા પરશોત્તમભાઈ રૂપાલા



રાજકોટ

રાજકોટના કાલાવાડ રોડ ઉપર આવેલ તો એલીગન્સ પાર્ટી પ્લોટ ખાતે પંચનાથ સાર્વજનિક હોસ્પિટલ ટ્રસ્ટના અગ્રણી અને વોર્ડ નં. ૭ના ભાજપના કોર્પોરેટર દેવાંગભાઈ માંકડની સુપુત્રી ચિ. ઉન્નતિના શુભ લગ્ન ચિ. ધર્મિલ સાથે યોજાયા હતા. આ શુભ પ્રસંગે નવદંપતિને આશીર્વાદ પાઠવવા રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા ખાસ ઉપસ્થિત રહયા હતા. આ પ્રપ્રસંગમાં દેવાંગભાઈ માકડ તથા પરિવારના સભ્યોને શુભેચ્છા પાઠવવા રાજકીય અગ્રણીઓ, વિવિધ ક્ષેત્રના મહાનુભાવો તેમજ વિવિધ સામાજિક શ્રેષ્ઠીઓ, અન્ય આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોઢવણીક સમાજના રામનવમીના પારણા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા પરશોતમભાઈ




રાજકોટ

ત્રે બાલભવન ખાતે શ્રી મોઢવણીક સમાજનો શ્રી રામનવમી નિમીતે પારણાનો (નાત જમણ) કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમા ૨૫૦૦થી વધુ મોઢવણીક સમાજના ભાઈ–બહેનોએ ભાગ લીધો હતો આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભા–૧૦ બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાએ પ્રેરક હાજરી આપી હતી. શ્રી પરશોતમભાઈ રૂપાલાએ સમાજ દ્વારા ભગવાન શ્રીરામનવમી જયંતી પ્રસંગે પ્રતિ વર્ષ યોજાતા પારણા (નાત જમણ) કાર્યક્રમને બિરદાવીને આયોજકોને અભિનંદન આપ્યા હતા. તેમણે આ લોકસભા ચૂંટણીનુ મહત્વ સમજાવીને સર્વે લોકસાહીના આ પર્વમાં નાગરિક ધર્મ બજાવીને તા.૭ મે ના રોજ ૧૦૦ ટકા મતદાન કરવા અપીલ કરી હતી. આ પ્રસંગે સમાજના અગ્રણી શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી દિલીપભાઈ મહેતાએ પ્રસંગોચિત ઉદબોધન કર્યુ હતુ. ઉપરોક્ત કાર્યક્રમમાં સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સભ્ય શ્રી રામભાઈ મોકરીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, અગ્રણીઓ રમેશભાઈ જીવાણી, શૈલેષભાઈ શાહ અને અન્ય વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

# સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો. દ્વારા ત્રણ દિવસનો સ્ટેટ પેનલ અમ્પાયર્સ સેમિનાર- વર્કશોપનું આયોજન : ૭ મહિલાઓ સહિત ૬૦ સ્પર્ધકો

રાજકોટ

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા આજથી એટલે કે ૨૨મી એપ્રિલ ૨૦૨૪થી નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે ત્રણ દિવસીય સ્ટેટ પેનલ અમ્પાયર્સ સેમિનાર-વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સાત મહિલાઓ સહિત ૬૦થી વધુ સ્પર્ધકો છે. સેમિનાર કમ વર્કશોપ ફ્રેશર્સ તેમજ સ્ટેટ પેનલ અમ્પાયરો માટે છે.





અમ્પાયરિંગ પર સેમિનાર-વર્કશોપના પ્રથમ બે દિવસ પછી ત્રીજા દિવસે પરીક્ષા લેવામાં આવશે. આ સેમિનારનું સંચાલન BCCIના વરિષ્ઠ અમ્પાયર પિયુષ ખખ્ખર કરી રહ્યા છે. નિરંજન શાહ, ભૂતપૂર્વ પૂ. BCCIના સેક્રેટરી હિમાંશુ શાહની ઉપસ્થિતિમાં સેમિનારને ખુલ્લો જાહેર કર્યો.

નિરંજન શાહે તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, સેમિનારમાં આટલા બધા સહભાગીઓ હોવા એ ખરેખર ખૂબ જ આનંદની વાત છે. વધુ આનંદદાયક છે કે મહિલાઓ પણ ભાગ લઈ રહી છે અને મેચ અધિકારીઓ તરીકે સેવાઓમાં સક્રિય રસ લઈ રહી છે. અમારી પાસે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન તેમજ બીસીસીઆઈની ઘણી ડોમેસ્ટિક ટુર્નામેન્ટ છે અને હંમેશા સારા અમ્પાયરોની જરૂર રહે છે.

જો એસોસિએશનમાંથી વધુને વધુ અમ્પાયરો BCCI માટે પસંદ કરવામાં આવે તો મને ખૂબ જ આનંદ થશે. તેથી વધુ, હું નિષ્ઠાપૂર્વક ઈચ્છું છું કે પ્રતિભાશાળી મહિલાઓને ફિલ્ડ અમ્પાયર તરીકે પસંદ કરવામાં આવે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય મેચો માટે BCCI દ્વારા પસંદ કરાયેલ પ્રથમ મહિલા સ્કોરર અને ૩ક મેનેજર આપણા એસોસિએશનમાંથી છે. ક્રિકેટના કાયદાના સારા જ્ઞાનની સાથે સાથે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર માટે પસંદ થવા માટે સારું અંગ્રેજી પણ એટલું જ મહત્વનું છે.અમ્પાયરિંગ માટે સારી શારીરિક અને માનસિક શક્તિની જરૂર હોય છે કારણ કે રમતની દરેક ક્ષણે અમ્પાયરોને ખૂબ જ સતર્ક અને સજાગ રહેવાની જરૂર હોય છે. ઉપરાંત, ક્રિકેટના નિયમોનો નિયમિતપણે અભ્યાસ કરતા રહેવું પણ એટલું જ મહત્વનું છે. જયારે હું સેમિનાર ખોલવાની ઘોષણા કરૂ છું, ત્યારે દરેક સહભાગીને સફળ અમ્પાયર તરીકે કારકિર્દી બનાવવા માટે મારી શુભેચ્છાઓ છે.

# રાજકોટ કોંગ્રેસના કાર્યકર્તા ભાઈઓ-બહેનો ભાજપમાં જોડાયા

### શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી અને સુરેશભાઈ ગોધાણીએ ભાજપનો ખેસ પહેરાવીને સૌને આવકાયા

રાજકોટ

રાજકોટ શહેર કોંગ્રેસમાં એક સાંધે ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ છે.ત્યારે રાજકોટ શહેર કોંગ્રેસમાં મોટું ગાબડું પડેલ છે. અત્રે ભાજપના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય ખાતે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના અધ્યક્ષસ્થાને અને રાજકોટ લોકસભા બેઠકના સંયોજક સુરેશભાઈ ગોધાણી તથા શહેર ભાજપના પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડની ઉપસ્થિતિમાં યોજાયેલ સંગઠનની બેઠકમાં હળવદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને પ્રદેશ કોંગ્રેસના પૂર્વ મહામંત્રી મનસુખભાઈ એમ. પટેલ અને પ્રદેશ કોંગ્રેસના પૂર્વ મંત્રી યોગેશભાઈ ગોઠી (પટેલ)ના વોર્ડ–૮ અને અન્ય વિસ્તારના ૨૪ જેટલા કોંગ્રેસના કાર્યકર્તા ભાઈઓ–બહેનો ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. આ તકે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી અને સુરેશભાઈ ગોધાણીએ સૌને કેસરીયો ખેસ પહેરાવી પક્ષમાં આવકાર્યા હતા.

આ તકે મુકેશભાઈ દોશીએ જણાવેલ કે રાષ્ટ્રવાદી વિચારધારાને વરેલી ભારતીય જનતા પાર્ટી વિકાસનો પર્યાય બનેલ છે ત્યારે દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ઢગલાબંધ વિકાસના કાર્યો કરેલ છે. જેના પરિણામે દેશોનો મોટો જનસમુદાય ભાજપની



વિચારધારા સાથે જોડાયેલ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી દિવસના ૧૮ થી ૨૦ કલાક કામ કરે છે અને દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્રનો દરજજો આપવા માટે તેઓ સંકલ્પબધ્ધ છે.ત્યારે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ આતંકવાદ, નકસલવાદથી મુકત થયો છે, ૩૭૦મી કલમ હટાવી, રામ મંદિરનું નિર્માણ થવું, ત્રીપલ તલાક સમાપ્ત કરવા અને ૮૦ કરોડથી વધારે ગરીબોના કલ્યાણ માટે યજ્ઞ થયો છે ત્યારે 'અબ કી બાર ૪૦૦ કે પાર' ના નારાને સમગ્ર દેશવાસીઓ સફળ કરવા ઉત્સાહિત છે. તેમ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા પાર્ટીના કાર્યકર્તાઓના અથાક પરીશ્રમ અને જનતા જનાદર્નના આશિર્વાદથી જંગી લીડથી વિજયી બનશે તેવો નિર્ધાર વ્યકત કરતા અંતમાં મુકેશભાઈ દોશીએ જણાવેલ હતું. આ બેઠકમાં કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા કાર્યકરો ભાઈઓ–બહેનોમાં મનસુખભાઈ પટેલ(પૂર્વ પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી), યોગેશભાઈ ગોઠી(પટેલ)(પૂર્વ પ્રદેશ કોંગ્રેસ મંત્રી), મયુરભાઈ રબારા, કેતનભાઈ સુદાણી, વિપુલભાઈ વાછાણી, વિનુભાઈ બેરા, કિશોરભાઈ મોરી, જગદીશભાઈ સંતોકી, દિપ ડેડાણીયા, જય સવસાણી, વસંતભાઈ કોરીંગા, કરમસીભાઈ પનારા, ભગવાનજીભાઈ પનારા, જીતેન્દ્રભાઈ સરવૈયા, અમીતસિંહ ચૌહાણ, તેજશભાઈ રાઠોડ, દેવ અગ્રાવત, બ્રિજેશભાઈ બડાજિયા, ધર્મેશભાઈ ગુજરાતી, મનદિપભાઈ રાઠોડ, ભાવીનભાઈ પરમાર, મૌલીકભાઈ ગજેરા, પાર્થભાઈ ટોપીયા, હર્ષતિભાઈ બદાણી, પરમીલાબેન ઠુમર, વિજયાબેન દાફડા, હેતલબેન મકવાણા, હંસાબેન પરમાર સહિતના કોંગ્રેસીઓએ ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારાથી પ્રેરાઈને કેસરીયો ખેસ ધારણ કર્યો હતો. આ તકે વોર્ડ–૮ના કોંગ્રેસી કાર્યકર્તાઓને ભારતીય જનતા પાર્ટીમાં જોડાવવા માટે સંકલનકર્તા ભાજપ વોર્ડ–૮ના વોર્ડ સંગઠનના વોર્ડપ્રભારી સંજયભાઈ દવે, પ્રમુખ જયસુખભાઈ મારવીયા, મહામંત્રી દેવકરણભાઈ જોગરાણા સહિતના ઉપસ્થિત રહયા હતા.

# 'સંત પુ.જોધલપીર તપોભૂમિ ટ્રસ્ટના પ્રમુખશ્રી કિશોરભાઈ વૈશણવને ખેસ પહેરાવીને ભાજપમાં આવકારવામા આવ્યા

### સંત શ્રી જોધલપીરના પ્રાગટય દિનના ઉજવણી પ્રસંગે યોજાનાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી અને રાજુભાઈ ધ્રુવને નિમંત્રણ પાઠવતા જોધલપીર તપોભુમિ ટ્રસ્ટના પ્રમુખશ્રી કિશોરભાઈ વૈશણવ અને ટ્રસ્ટીઓ

રાજકોટ

અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના પ્રાચીન કેશરડી ગામે સંત શ્રીજોધલપીર ધામની ધાર્મિક જગ્યા આવેલ છે. સંત શ્રી.જોધલપીરની તથા જગ્યાના પ્રાગટય દિનની ઉજવણી તા.૨૨,૨૩ એપ્રિલના રોજ યોજાનાર છે. આ કાર્યક્રમમાં પધારવા માટે સંસ્થાના ચેરમેન શ્રી કિશોરભાઈ વૈશણવ, ટ્રસ્ટીઓ શ્રી હર્ષદભાઈ આચાર્ય અને રવિન્દ્રભાઈ મકવાણા રાજકોટ લોકસભા ચૂંટણી કાર્યાલયે પધાર્યા હતા. તેઓએ શહેર ભાજપ પ્રમુખ શ્રી મુકેશભાઈ દોશી અને ભાજપ પ્રવકતા રાજુભાઈ ધ્રુવને રૂબરૂમાં નિમંત્રણ પત્રિકા આપીને પધારવા હાર્દિક નિમંત્રણ આપ્યુ હતુ. સંત પુ.જોધલપીરની ધાર્મિક જગ્યાના શ્રી કિશોરભાઈ વૈષ્ણવ એ જણાવ્યુ કે આપણી ૫૦૦ વર્ષની આતુરતાનો અંત લાવીને અયોધ્યામાં શ્રી રામલલ્લાના મંદિરની નિર્માણ કાર્ય થકી યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર ધ્વારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી થયેલ. ત્યારે આપણા દેશમાં સનાતન હિંદુ ધર્મ અને સંસ્કૃતિનુ રક્ષણ એકમાત્ર વડાપ્રધાન શ્રી



નરેન્દ્રભાઈ મોદી અને ભાજપ કરશે આથી અમે જગ્યાના હોદેદારો એ જગ્યાની સાથે જોડાયેલા અનુયાયી વર્ગ શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભાજપને સમર્થન જાહેર કરેલ છે. આ તકે પુ. કિશોરભાઈ વૈષ્ણવને ભાજપનો કેસરી ખેસ પહેરાવીને આવકારવામાં આવ્યા હતા.આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી,સૌરાષ્ટ્ર ભાજપના પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ, શહેર ભાજપ પુર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, ભાજપના અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ રતાભાઈ પરમાર, મહામંત્રી સંજયભાઈ બગડા, કોર્પોરેટરો ભારતીબેન મકવાણા, હાર્દિક ગોહેલ, અગ્રણીઓ શ્રી દિનેશભાઈ સોલંકી, ઈશ્વરભાઈ જીતીયા, વજુભાઈ લુણસીયા, પ્રવિણભાઈ ચાવડા, હાર્દિકભાઈ ઉપસ્થિત રહયા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે સંત પુ.જોધલપીર જગ્યાના ૭૬૫ વર્ષ પ્રાચિન છે. આ સંતને વિવિધ જ્ઞાતિ–સમાજના લોકો આસ્થાળુઓ શ્રધ્ધાપૂર્વક માને છે. અમદાવાદ જિલ્લાના આસ–પાસના વિસ્તારો, દક્ષિણ ગુજરાત અને વિદેશમાં સંતશ્રીને માનનારો મોટો અનુયાયી વર્ગ છે. આ જગ્યા સંત પુ.જોધલપીરનો પ્રાગટય દિન તા.૨૩ એપ્રિલના રોજ છે. અને જગ્યાના મહંત પુ. ગોરધનદાસજીનો પ્રાગટય દિન તા.૨૨ એપ્રિલના રોજ છે. આથી જગ્યાના સંતશ્રી અને મહંતના પ્રાગટય દિનની ઉજવણી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમો અને ભવ્ય લોકડાયરો રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં પંચ દશનામ અખાડાના સ્વામી મુકેશગીરી મહારાજ ભાજપના સૌરાષ્ટ્રના પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, સુરતના સંત કબીર આશ્રમના મહંત પુ. તુલસીદાસજી અને વિજાપુરડા શકિતધામના પૂ. પ્રવિણ જયમાડી અતિથિ વિશેષ પદે હાજરી આપશે. તા.૨૨ ના રોજ સાંજે ૭ વાગ્યે ભવ્ય લોકડાયરો યોજાશે જેમા કલાકારોમાં જીગ્નેશ કવિરાજ અને પુ. હેમુ બારોટ તેમની લોક સંસ્કૃતિથી કૃતિઓ રજુ કરશે.

# જોડિયાના બાલંભા ગામેં મૃત ખેડૂતની ખોટી સહી કરી કરોડોની કિંમતની જમીન પચાવી પાડતા ચકચાર

## મૃતકની પૂત્રીએ તલાટી મંત્રી, સર્કલ ઓફિસર સહિત ૧૧ શખ્સો વિરૂદ્ધ કાર્યલાહી કરવા જિલ્લા પોલીસ વડાને કરી રજૂઆત

જામનગર : જામનગર જિલ્લા જોડિયા તાલુકાના બાલંભા ગામમાં ૬૦ વિઘા જેટલી ખેતીની જમીન બાલંભા ગામના એક જ પરિવારના નવ શખ્સો અને તલાટી તેમજ સર્કલ ઓફિસરે મૃત ખેડૂતની ખોટી સહીઓ કરી કૌભાંડ આચર્યા હોવાનું ખેડૂતની પુત્રીએ જિલ્લા પોલીસવડાને અરજી કરી છે. મૃતકની કચ્છ જિલ્લામાં રહેતી હાજરાબેન ઈસ્માઈલભાઈએ જિલ્લા પોલીસ વડો અરજી કરી જેમાં જણાવ્યું ચે કે બાલંભા ગામના સર્વે નંબર ૧૪૬૮, ૧૪૨૨, ૧૩૩૧, ૧૨૭ વિગેરેથી તેમના પિતાજી ઈસ્માઈલભાઈના નામે ખેતીની જમીન આવેલ હતીત જે જમીન તેમના મિત્ર ઓધવજીભાઈ રામભાઈ રામપરિયાને ભાગ ઉપર વાવવા આપેલ હતી અને તેઓ દર વર્ષે ઉપજનો ભાગ પણ આપતા હતાં અને અરજદારના પિતા ઈસ્માઈલભાઈનું તા. ૭.૧૦.૧૯૮૮ ના રોજ અવસાન પામેલ અને તેમને સંતાનો પૂત્રીઓ હોય તેઓ પોત પોતાના સાસરે જતી રહેલ દરમિયાન વર્સ ૨૦૧૬ માં જમીનનો ભાગ પાડી અને પોત - પોતાની જમીન મેળવી લેવાનું નકકી થતાં બધી બહેનો બાલંભા મુકામે જઈ તપાસ કરતાં આ કેતીની જમીન તેમના પિતાજીના નામના બદલે ઓધવજી રામપરીયાના નામે ચડી ગયેલ હોવાનું તેમના પગ નીચેથી જમીન સરકી ગયેલ અને ત્યાર બાદ તેઓએ ગ્રામ પંચાયત કેરીમાંથી જમીન ટ્રાન્સફરઅંગેના દસાતાવેજોની માંગણી કરતાં તેમને દસ્તાવેજ આપવામાં નઆવેલ જેતી તેઓએ જોડિયા કોર્ટમાં ફરિયાદ નોંધાવતા અને કોર્ટે તલાટી, સર્કલ ઓફિસર ને કોર્ટમાં દસ્તાવેજ રજૂ કરવા આદેશ કરતાં તલાટીએ રજૂ કરેલ દસ્તાવેજમાં આ જમીન ૨.૧૦.૯૪ ના રોજ ઓધવજીભાઈ સહિતનાઓના નામે ખોટા દસ્તાવેજ, ખોટી સહીઓ કરી તમામ આરોપીએ ગુન્હાહિત કાવતરૂ રચી એકબીજાની મદદગારી કરી જમીન હડપ કરી ગુન્હો કર્યો હોવાનો જણાવી તેમના વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવા રજૂઆત કરી છે.

# ખંભાળિયાના વિંઝલપર ગામે બે બાઈકની ટકકરમાં આધેડે જીવ ખોયો


તસવીરઃ રાકેશ સામાણી

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના વિંઝલપર ગામે ગઈકાલે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ધરમપુર ગામે રહેતા બાઈક ચાલક આધેડને ગંભીર ઈજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજયું હતું.

ખંભાળિયાના ધરમપુર વાડી વિસ્તારના રહેતા અશોકભાઈ ભાણાભાઈ ખાણધર નામના ૫૨ વર્ષના સતવારા આધેડ ગઈકાલે રવિવારે પોતાના જી.જે. ૩૭ એચ. ૫૩૩૨ નંબરના હોન્ડા સાઈન મોટરસાયકલ પર જઈ રહ્યા હતા, ત્યારે અત્રેથી આશરે ૧૨ કિલોમીટર દૂર વિંઝલપર ગામના પાટીયા પાસે પહોંચતા આ માર્ગ પર પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા જી.જે. ૩૭સી. ૪૧૪૧ નંબરના અન્ય એક હોન્ડા સાઈન મોટરસાયકલના ચાલકે અશોકભાઈના બાઈક સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો.

જેના કારણે તેમને શરીરના જુદા જુદા ભાગોમાં જીવલેણ ઈજાઓ પહોંચતા તેમનું કરુણ મૃત્યુ નીપજયું હતું. આ પ્રકરણ અંગે મૃતક અશોકભાઈ ખાણધરના પુત્ર ચિંતનભાઈ અશોકભાઈ ખાણધર (ઉ.વ. ૨૬, રહે. બેડીયાવાડી - ધરમપુર) ની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે જી.જે. ૩૭ સી. ૪૧૪૧ નંબરના મોટરસાયકલના ચાલક સામે આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૦૪ (એ) તથા એમ.વી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. ડી.જી. પરમાર દ્વારા હાથ ધરવામાં આવી છે.

અન્ય મોટરસાયકલ ચાલકની હાલત પણ ગંભીર જણાતા તેમને અહીંથી વધુ સારવાર અર્થે જામનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ત્યારે સતવારા આધેડ અશોકભાઈ ખાણધરના અકસ્માતે અપમૃત્યુના આ બનાવે સતવારા સમાજમાં અરેરાટી પ્રસરાવી છે. બે બાઈક વચ્ચેના આ અકસ્માતમાં બંને વાહનોનો બુકડો બોલી ગયો હતો.

# જામનગરમાં વાહન અકસ્માત જેવું તરકટ રચી યુવક અને વૃધ્ધને લૂંટી લેવાયા

## યુવક પાસેથી મોબાઈલની લૂંટ ચલાવાઈ, જ્યારે વૃધ્ધ પાસેથી રોકડ રૂા. ૨૫૦૦ લૂંટી લીધા

જામનગર : જામનગરમાં એમ્યુઝમેન્ટ પાર્ક વિસ્તારમાં તેમજ ધરારનગર વિસ્તારમાં ગઈકાલે લૂંટના બે બનાવો બનવા પામ્યા છે. જેમાં અજાણ્યા શખ્સોએ વાહન અકસ્માત જેવા તરકટ રચી એક વૃધ્ધ પાસેથી રોકડ તેમજ યુવાન પાસેથી મોબાઈલ લૂંટી લીધાના બે બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે.

શહેરના એમ્યુઝમેન્ટ પાર્ક, ક્રિષ્ના મેરેજ હોલ સામે, શીવમ પાર્ક ૪માં રહેતા શૈલેષ નરશીભાઈ લાડપરા (ઉં.વ.૪૩) નામના યુવક ગત તા.૧૭ના રાત્રીના સાડા આઠેક વાગ્યે સ્કુટર લઈને નુરી ચોકડીથી હાપા યાર્ડ બાજુ સીલીંગ ફેન આપવા જતા હતાં. ત્યારે અજાણ્યા બે શખસોએ રોકીને તમારૂ સ્કુટર અડી જતા મોબાઈલની ડીસ્પ્લે તુટી ગઈ છે અને ખાના રૂા. ૨ હજાર આપવા પડશે. તેમ કહેતા યુવક ગભરાઈ ગયો હતો અને મિત્ર શકીલભાઈને ફોન કરીને આપતા

આરોપીઓ ફોન લઈને નાશી છુટયા હતાં. બાદમાં યુવકના શેઠે ફોન કરતા તેને કહેલ કે, અકસ્માતથી ફેક્ચર થયું છે. હોસ્પિટલ આવીને રૂ.૧૦ હજાર આપી જાવ અને ફોન લઈ જાવ. જો રૂપિયા નહી આપો તો તમારા માણસના હાથ—પગ ભાંગી નાખવાની ધમકી આપીને બળજબરીથી પૈસા કઢાવવાની કોશિષ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. શહેરના ધરારનગર—૧, વૈશાલીનગર, હનુમાનજીના મંદિરની સામે રહેતા ડાયાભાઈ પીઠાભાઈ ચાવડા (ઉ.વ.૫૯) નામના યુવક ગત તા.૧૬ના રોજ શહેરના દિગ્વિજય પ્લોટ શેરીનં—૪૯ રોડ, મામા સાહેબના મંદિરથી આગળ સ્કુટર લઈને જતા હતાં. ત્યારે બે અજાણ્યા શખસોએ વચ્ચે મોટર સાયકલ નાંખીને કહેલ કે, તારૂ સ્કુટર અમારી બાઈક સાથે ભટકાર્યું છે અને તારે ખર્ચો આપવો પડશે તેમ કહીને બે ફડાકા મારીને વધુ માર મારવાની ધમકી આપીને ખીસ્સામાંથી રોકડ રૂા. ૨૫૦૦ તેમજ એક મોબાઈલ ફોનની લૂંટ કરી નાશી છુટ્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

# ખંભાળિયાના દારૂ પ્રકરણમાં નાસતો ફરતો આરોપી દસ મહિને ઝડપાયો



ખંભાળિયા : ખંભાળિયા પંથકમાં જુદા જુદા વિસ્તારોમાં દારૂ સંદર્ભે એક શખ્સ સામે કેસ નોંધાયા હતા. જેમાં તે નાસતો ફરતો હતો. જેને ગઈકાલે પોલીસે ઝડપી લીધો છે.

ખંભાળિયા તાલુકાના જુદા જુદા વિસ્તારોમાં દારૂ સંદર્ભે અગાઉ નોંધાયેલ જુદા જુદા પાંચ કેસમાં બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના જેતડા ગામ ખાતે રહેતા કિરણ ઉર્ફે રમેશ બિસ્નોઈ માના સોલંકીનુ નામ ખુલવા પામ્યું હતું. છેલ્લા આશરે ૧૦ માસથી ફરાર એવા આરોપી કિરણ ઉર્ફે રમેશ સોલંકી (ઉ.વ. ૨૭) અંગે અહીંના પી.આઈ. બી.જે. સરવૈયા તથા સર્વેલન્સ સ્ટાફ દ્વારા કરવામાં આવેલી કામગીરીમાં ઉપરોક્ત શખ્સ દ્વારા અગાઉ કુલ રૂપિયા ૧,૦૨,૪૦૦ ની કિંમતની ૨૫૬ બોટલ વિદેશી દારૂના કેસમાં ઝડપી લઈ, તેની સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# જામનગર નજીક ઢીંચડામાં અજાણ્યા શખ્સે તરૂણ પર હથિયાર વડે હુમલો કર્યો



જામનગર : જામનગર નજીક ઢીંચડામાં રહેતા ૧૫ વર્ષના તરુણ પર કોઈ અજ્ઞાત શખ્સે ધારદાર હથિયાર વડે ગળાના ભાગે બન્ને હાથપર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડતાં તેને લોહી નીતરતી હાલતમાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો છે. પોલીસે અજાણ્યા શખ્સ સામે હુમલા અંગેનો ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. આ બનાવની વિગત એવી છે કે જામનગર નજીક ઢીચડા ગામમાં રહેતા હરદેવભાઇ નારોલા નામના વર્ષના તરુણ ઉપર કોઈ અજ્ઞાત શખ્સે ધારદાર હથીયાર વડે ગળાના ભાગે તેમજ બંને હાથના કાંડાના ભાગે હુમલો કરી દેતાં લોહી લુહાણ બન્યો હતો, અને તેને ગંભીર હાલતમાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, અને ત્યાં તેના પર શસ્ત્રક્રિયા ચાલી રહી છે. આ બનાવ અંગે ઈજાગ્રસ્ત ના કાકા નરેશભાઈ પ્રેમજીભાઈ નારોલાએ પોતાના ભત્રીજા પર જીવલેણ હુમલો કરવા અંગે અજ્ઞાત શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદીનો ભત્રીજો હરદેવ તેના ઘર પાસે રમતો હતો, જે દરમિયાન એક જ અજાણ્યો માણસ નાના બાળકોને મારતો હતો. જેને અટકાવવા જતાં તેના પર ધારદાર હથિયાર વડે હુમલો કરી દીધા નું પોલીસમાં જાહેર કરાયું છે. બેડી મરીન પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. વી.એસ.પોપટે અજાણ્યા શખ્સ સામે આઈપીસી કલમ ૩૨૬, ૩૨૪ તેમજ જી.પી.એક્ટ. કલમ ૧૩૫(૧) મુજબ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

# ભાણવડના ફતેહપુર ગામે ખેડૂત પાસે ધીરાણની રકમની લૂંટ ચલાવનાર શખ્સ ઝડપાયો



ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ફતેહપુર ગામે એક ખેડૂત બેક્રમાંથી ધીરાણની રકમ લઈ પોતાના બાઈક પર જઈ રહયા હતા ત્યારે અજાણ્યા શખ્સે તેમને ઠોકર મારી પછાડી દઈ રૂપિયા દોઢ લાખની લૂંટ કરી નાશી છૂટયો હતો. જેને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી લઈ મુદામાલ જપ્ત કર્યો છે.

ભાણવડ પો.સ્ટે.માં ગુન્હો દાખલ થયેલ હોય અને ફરિયાદી કેશવભાઈ દેવસીભાઈ પીપરોતરવાળા પોતાનું મો.સા. લઈને ભાણવડ સૌરાષ્ટ્ર ગામીણ બેંકમાં પાક ધિરાણના રૂપિયા ઉપાડવા આવેલ હોય અને પાક ધિરાણના રૂપિયા ૨,૫૦,૦૦૦ ઉપાડી થેલીમાં રાખી થેલી મો.સા.ના હેન્ડલમાં આવેલ હુકમાં રાખી પોતાના ઘરે જતા હોય અને રેલ્વે ફાટક બાદ ફતેપુર વાળા રસ્તે સુમસામ જગ્યાએ પહોંચતા તથા એક અજાણ્યા ઈસમે ફરિયાદીના મોટર સાયકલને ચાલુ મોટર સાયકલએ ધક્કો મારી પાડી દઈ ફરિયાદી પાસે રહેલ રકમમાંથી રોકડ રૂ.૧,૫૦,૦૦૦ની લૂંટ કરી નાશી ગયેલ હોવાની હકીકત જણાવતા હોય આ બાબતે ગુન્હો નોંધાયેલ હોય જેની તપાસ પી.એસ.આઈ સવસેટા દ્વારા હાથ ધરવામાં આવી હતી.

આ દરમ્યાન ભાણવડ પી.એસ.આઈ સવસેટા તથા સ્ટાફના માણસો તથા એલ.સી. બી. સ્ટાફ સાથે બનાવવાળી જગ્યાએ પહોંચી જતા દ્વારકા કન્ટ્રોલ દ્વારા લૂંટ થયેલો સરહદી જિલ્લાઓમાં લોગ પાસ કરાવતા તેમજ ભાણવડ તાલુકાની ચેક પોસ્ટો તેમજ ભાણવડ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકથી બનાવની જગ્યા સુધીના રૂટના આજુબાજુના પેટ્રોલપંપો, હોટલો, દુકાનોના સીસીટીવી ફૂટેજ ચેક કરી ફરિયાદીની મોટર સાયકલ પાછળ એક શંકાસ્પદ ઈસમ મોટર સાયકલ ગાડી લઈ પીછો કરતા હોવાનું ધ્યાને આવતા પોલીસે આ ઉપરોક્ત ઈસમની તપાસ કરતા આ લૂંટમાં આરોપી યુનુસ હનીમીયા રફાઈ રહે.રામેશ્વર પ્લોટ માણવડ વાળો હોવાનુ જાણવા મળતા ઉપરોકૃ આરોપી શખ્સને તેના રહેણાંક મકાનેથી પોલીસે લૂંટમાં ગયેલ ૧,૫૦,૦૦૦નો મુદ્દામાલ પોલીસે કબ્જે કરી ઉપરોકૃ આરોપી શખ્સને ઝડપી પાડી આરોપી વિરુદ્ધ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગર લોકસભા બેઠક માટે ૨૧ ઉમેદવારોના ફોર્મ માન્ય, ચકાસણીમાં ૩ ફોર્મ અમાન્ય રહ્યા

જામનગર : જામનગર લોકસભા બેઠકની ચૂંટણી માટે ૧૯ એપ્રિલ સુધી ભરાયેલા કુલ ૨૪ નામાંકન માંથી ૨૧ ઉમેદવારી ફોર્મ માન્ય રહ્યા છે. જ્યારે ૩ ફોર્મ અમાન્ય રહ્યા છે.


જે ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યા છે તેમાં ભારતીય જનતા પાર્ટીના પુનમબેન હેમતભાઈ માડમ, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના એડવોકેટ જે. પી. મારવિયા, બહુજન સમાજ પાર્ટીના જયસુખભાઈ નથુભાઈ પિંગલસુર, વીરો કે વીર ઈન્ડિયન પાર્ટીના રણછોડભાઈ નારણભાઈ કણજારીયા, ભારતીય સમતા સમાજ પાર્ટીના રઘુવીરસિંહ અનોપસિંહ ગોહિલ, રાષ્ટ્રીય મહાસ્વરાજ ભૂમી પાર્ટીના પરેશભાઈ પરસોત્તમભાઈ મુંગરા તેમજ અપક્ષના ૧૫ ઉમેદવારો જેમાં અનવરભાઈ નુરમામદ સંઘાર, કલ્પેશભાઈ વિનોદરાય આશાણી, યુસુફભાઈ સિદિકભાઈ ખીરા, ખોડાભાઈ જીવરાજભાઈ નકુમ, અલારખાભાઈ ઈશાકભાઈ ધુધા, જયરાજસિંહ કિરીટસિંહ ગોહિલ, નદીમભાઈ મહમદભાઈ હાલા, કરશનભાઈ જેશાભાઈ નાગશ, નાનજીભાઈ અમરશીભાઈ બથવાર, રફીકભાઈ અબુબકર પોપટપુત્રા, બાબુભાઈ જેઠાભાઈ ગોહિલ, ભુરાલાલ મેઘજીભાઈ પરમાર, પત્રકાર રામકૃષ્ણ નભેશંકર રાજયગુરૂ, પુંજાભાઈ પાલાભાઈ રાઠોડ, વિજયસિંહ પ્રવીણસિંહ જાડેજાનો સમાવેશ થાય છે.

જે ઉમેદવારોના ફોર્મ અમાન્ય ઠર્યા છે તેમાં બહુજન સમાજ પાર્ટીના દામજીભાઈ નાજાભાઈ સૌંદરવાનો સમાવેશ થાય છે. તેમજ વૈકલ્પિક ઉમેદવાર હોવાથી ભારતીય જનતા પાર્ટીના બ્રિજરાજસિંહ હેમંતસિંહ જાડેજા અને ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના વૈકલ્પિક ઉમેદવાર વિરેન્દ્રસિંહ ટેમુભાના ફોર્મ રદ થયા છે. ઉલ્લેખનીય છે કે, ઉમેદવારીપત્રો પરત ખેંચવાની અંતિમ તારીખ ૨૨ એપ્રિલ છે. હાલની સ્થિતિએ જામનગર બેઠક પર ૨૧ ઉમેદવારો છે.

### માધવપુર ઘેડ ખાતે વિવાહ પ્રસંગ પૂર્ણ કરી વાજતે ગાજતે

# ભગવાન શ્રી કૃષ્ણ અને રુક્ષ્મણીજીની જાન દ્વારકા આવી પહોંચી

## દ્વારકામાં ભગવાન શ્રી કૃષ્ણ-રુક્ષ્મણીજીની શોભાયાત્રાનું ભક્તો દ્વારા ઉમળકાભેર કરાયું સ્વાગત


તસવીરઃ રાકેશ સામાણી





દ્વારકા : માધવપુર ઘેડ મેળાના પાંચમા અને અંતિમ દિવસે ભગવાન શ્રી કૃષ્ણ અને રુક્ષ્મણીજીનો વિવાહ પ્રસંગ પૂર્ણ થતા દ્વારકા ખાતે ભગવાન શ્રી કૃષ્ણની જાન વાજતે ગાજતે આવી પહોંચી હતી જેને ઉમળકાભેર આવકારવા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું જેમાં દ્વારકાના નગરજનો, સામાજિક સંસ્થાઓ વગેરેએ ઉત્સાહભેર સહભાગી થઈ ભગવાન શ્રી કૃષ્ણ તથા રુક્ષ્મણીજીનું ભાવભીનું સ્વાગત અભિવાદન કર્યું હતું.

માધવપુર ઘેડથી આવેલી ભગવાન શ્રી કૃષ્ણની જાનનું દ્વારાવતી મોક્ષદ્વાર (હાથી ગેટ) ખાતે આગમન થતાં જ આહિર સમાજ દ્વારા પરંપરાગત વિધિથી સામૈયું કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કિર્તી સ્તંભ ખાતે મોચી સમાજ, પ્રજાપતિ સમાજ અને સતવારા સમાજ દ્વારા આનંદ ઉલ્લાસ સાથે શોભાયાત્રાનું સ્વાગત કરાયું હતું. આ શોભાયાત્રા દ્વારકાધીશ મંદિર ખાતે પહોંચતા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું.બાદમાં ભગવાન શ્રી દ્વારકાધીશના દર્શન કર્યા હતાં.

આ શોભાયાત્રા જગત મંદિરથી જોધાભા માણેક ચોક ખાતે પહોંચી હતી જ્યાં વાઘેર સમાજ, ચારણ સમાજ અને સમસ્ત સાધુ સમાજ દ્વારા આવકારવામાં આવી હતી. તિનબતી ચોક ખાતે લુહાર સમાજ, દરજી સમાજ, ખારવા સમાજ, હોટેલ એસોશીએશન, શિવગંગા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તેમજ ભદ્રકાલી ચોકમાં રઘુવંશી સમાજ, ક્ષત્રિય સમાજ તેમજ ટ્રાવેલ્સ એસોશીએશન દ્વારા જ્યારે રબારી ગેટ ખાતે રબારી સમાજ, અનુસૂચિત જાતિ સમાજ અને વાલ્મિકી સમાજ દ્વારા રથને ઉમળકાભેર આવકાર આપવામાં આવ્યો હતો. ભગવાન શ્રી કૃષ્ણ અને રુક્ષ્મણીજીની શોભાયાત્રા રુક્ષ્મણીજી મંદિર ખાતે પહોંચતા મંદિરના પૂજારી અને પુરોહિતો દ્વારા મંત્રોચ્ચાર સાથે યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

શોભાયાત્રામાં ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ આર.આર.રાવલ, સહાયક નિયામક યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વીરેન્દ્ર પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઈન્ચાર્જ નિયામક પૃથ્વીરાજસિંહ ગોહિલ, પ્રાંત અધિકારી કે.કે.કરમટા, જિલ્લા યુવા વિકાસ અધિકારી પરબત હાથલીયા, તાલુકા વિકાસ અધિકારી ગૌરવ પરમાર, મામલતદાર સહિતના જોડાયા હતા.

# જામનગરના સ્વામી નારાયણ ટાઉનશીપમાં બે રહેણાંક મકાનને નિશાન બનાવતા તસ્કરો

## સોના-ચાંદીના દાગીના સહિત ૮૦ હજારની માલમતા ચોરી ગયા

જામનગર : જામનગરમાં સ્વામિનારાયણ ટાઉનશિપમાં આવેલા બે બંધ રહેણાંક મકાનને કોઈ તસ્કરોએ ગઈ રાત્રી દરમિયાન નિશાન બનાવી લીધા હતાં અને મકાનમાંથી ચાંદીના દાગીના, કપડા, અન્ય ચીજ વસ્તુઓ સહિત રૂપિયા ૮૦ હજારની માલમતા ની ચોરી કરી લઈ ગયા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.

જામનગરમાં સ્વામિનારાયણ ટાઉનશીપ જીઆઈડીસી -૩ ની સામે રહેતા નરેન્દ્રસિંહ ગુલાબસિંહ જેઠવા ના મકાનમાં કોઈ તસ્કરો એ ગઈ રાત્રે ખાતર પાડ્યું હતું, અને ૩૦ નંગ સાડી, એક સૂટ કેસ એક લેડીઝ પર્સ, બે હજાર રૂપિયા રોકડા, ઈમીટેશન જવેલરી, ત્રાણ નંગ ઘડિયાળ તથા ચાંદીની પરચુરણ વસ્તુ વગેરે ચોરી ગયા હતા.

આ ઉપરાંત બાજુમાં જ આવેલા હેમેન્દ્રભાઈ વશરામભાઈ કણઝારીયા ના બંધ રહેણાક મકાનમાંથી પણ ૧૦,૦૦૦ રૂપિયા રોકડા અને ૩ હજાર રૂપિયાની ચાંદીની વસ્તુ, એક નંગ મોબાઈલ ફોન વગેરે માલમત્તાની ચોરી કરી ગયા હતા. જે ચોરીના બનાવ અંગે સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસ તંત્ર દોડતું થયું છે.

# જામનગરમાં ભગવાન મહાવીર સ્વામીના જન્મકલ્યાણક નિમિત્તે પેલેસ દેરાસરમાં સોના-ચાંદીના વરખની આંગી


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર :, જામનગરમાં ગઈકાલે ભગવાન મહાવીર સ્વામીના ૨૬૨૨ મા જન્મ દિવસ નિમિત્તે જૈન સમાજ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. અને પેલેસ દેરાસરમાં ભગવાન મહાવીર સ્વામીની સોના ચાંદીની ભવ્ય આંગી કરવામાં આવી હતી.

જામનગરમાં શ્રી પેલેસ જૈન સંઘમાં ઉતારા પછી જન્મ કલ્યાણકનું સંવદન કરાવતી જીનવાણી રથયાત્રા યોજાઈ હતી, જે વરઘોડા મા જૈન સાધુ સાધ્વીજીઓ,જૈન સમાજ નાં ભાઈઓ બહેનો બાળકો વગેરે જોડાયા હતા. ત્યારબાદ પેલેસ દેરાસરમાં ભગવાન મહાવીર સ્વામીની સોના ચાંદીની અને ફૂલોની ભવ્ય આંગી કરવામાં આવી હતી, તેમજ જૈન સમુદાય દ્વારા ભાવના કરવામાં આવી હતી.

ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણ નિમિત્તે ભગવાન મહાવીર સ્વામીના જન્મની આકર્ષક રંગોળી પણ બનાવાઈ હતી, જે નિહાળીને અનેક જૈન જૈનેતર ભાવવિભોર થયા હતા.

# ખંભાળિયાના પીર લાખાસર ગામે મકાનમાંથી અડધા લાખ ઉપરાંતની માલમત્તાની ચોરી

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક એવા ખંભાળિયા તાલુકાના પીર લાખાસર ગામે એક રહેણાંક મકાનમાં તસ્કરો ત્રાટકયા હતા અને તેઓ સોના—ચાંદીના ઘરેણાં તેમજ રોકડ મળી કુલ રૂા. ૫૫ હજારની મલમત્તા ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં ઉઠવા પામી છે.

ખંભાળિયા તાલુકાના પીર લાખાસર ગામે રહેતા એક આસામીના રહેણાંક મકાનમાં ગત તારીખ ૧૯ મીના રોજ કોઈ તસ્કરોએ ત્રાટકી અને આ મકાનના તાળા તોડી, અનધિકૃત રીતે પ્રવેશ કર્યો હતો. આ મકાનમાં રાખવામાં આવેલા રૂપિયા ૫૧,૫૦૦ની કિંમતના સોના તથા ચાંદીના દાગીના તથા રૂપિયા ૩,૦૦૦ રોકડા મળી, કુલ રૂપિયા ૫૪,૫૦૦નો મુદ્દામાલ તસ્કરો ઉસેડી ગયા હોવાનું ખુલવા પામ્યું છે.

આ અંગે આ આસામીના ભાઈ ઈબ્રાહીમભાઈ જુમાભાઈ દેથા (ઉ.વ. ૪૫, રહે. પીર લાખાસર)ની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે અજાણ્યા શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૩૮૦ તથા ૪૫૭ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. આઈ.આઈ. નોયડા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# રાજકોટ લોકસભા લડવા ૯ ઉમેદવાર વચ્ચે જંગ

## ભાજપ-કોંગ્રેસ વચ્ચે મુખ્ય જંગ, બસપા, બહુજન મુક્તિ પાર્ટી અને પાંચ અપક્ષો મેદાનમાં, ચૂંટણી ચિત્ર સ્પષ્ટ : મતદાનના દિવસે ૧૫,૦૦૦ કર્મી, પેરા મીલીટરી ફોર્સ માટેની માંગણી




રાજકોટ

રાજકોટ લોકસભા બેઠક પરની ચૂંટણીમાં ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ કુલ ૧૬ ફોર્મ ભરવામાં આવ્યા હતા. જે પૈકી ૪ અપક્ષ અને ૨ ડમી સહિત કુલ ૬ ફોર્મ અમાન્ય ગણવામાં આવ્યા હતા. જ્યારે બાકીના ૧૦ ફોર્મ માન્ય રાખવામાં આવ્યા હતા. આ સાથે અપક્ષ ઉમેદવાર અમરદાસ દેસાણીએ ભાજપનાં પુરૂષોત્તમ રૂપાલાનું ફોર્મ અમાન્ય હોવાનો આક્ષેપ કર્યો હતો. જોકે આજે તે ઉમેદવારે જ ફોર્મ પરત ખેંચી લેતા આશ્ચર્ય જન્મ્યું છે. રાજકોટની બેઠક ઉપર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ મુખ્ય ચુંટણી સ્પર્ધા રહે તેવા નિર્દેશો છે. આ સિવાય બહુજન સમાટ પાર્ટી, બહુજન મુકિત પાર્ટી અને પાંચ અપક્ષો પણ નશીબ અજમાવી રહ્યાં છે.રાજકોટની બેઠક ઉપર હવે ભાજપના પરસોત્તમભાઈ રૂપાલા, કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી, બહુજન સમાજ પાર્ટીના ચમનભાઈ સવસાણી, બહુજન મુક્તિ પાર્ટી તેમજ અપક્ષો ભાવેશ આચાર્ય, નયનકુમાર ઝાલા, નિરલકુમાર અજાગીયા, જીજ્ઞેશભાઈ લોહાર અને ભાવેશહભાઈ પીપળીયા મળી કુલ ૯ ઉમેદવારો ચુંટણી સ્પર્ધામાં રહ્યાં છે.

આજે ઉમેદવારી પત્રકો પાછા ખેંચવાનો સમય પૂર્ણ થતા ચૂંટણી તંત્ર દ્વારા સ્પર્ધામાં રહેલા ઉમેદારોને ચુંટણી પ્રતિકો ફાળવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. ભાજપને કમળ, કોંગ્રેસને પંજો અને બસપાને હાથીની ફાળવણી ઉપરાંત અપક્ષોને માંગણી મુજબના વિવિધ પ્રતિકો ફાળવવામાં આવનાર છે.

હવે રાજકોટ લોકસભા બેઠક પર ૯ ઉમેદવાર ચૂંટણી લડશે. ૭ મે ના મતદાન છે, ત્યારે આ ચૂંટણીને લઈને ૧૫,૦૦૦ કર્મચારી ફરજ બજાવશે. ૧,૦૪૬ ક્રિટીકલ મતદાન મથકો હોવાનું તો આચારસંહિતા ભંગ કરતા ૨૦,૦૦૦ બેનર ઉતારવામાં આવ્યાં હોવાનું કલેકટરે જાહેર કર્યું હતું.

### અપક્ષ ઉમેદવારોને ચૂંટણી પ્રતીકની ફાળવણી

રાજકોટ લોકસભાની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે ત્યારે મુખ્ય ચૂંટણી જંગ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખેલાવા જઈ રહ્યો છે આજે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે એક માત્ર અપક્ષ ઉમેદવારે પોતાનું ફોર્મ પાછુ ખેંચી લીધું છે ત્યારે હવે ભાજપ કોંગ્રેસ સહિત ૯ ઉમેદવારો ચુંટણી જંગમાં રહ્યાં છે જેમાં ભાજપ કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી અને બહુજન મુક્તિ પાર્ટીને તેમના ચુંટણી પ્રતિક પક્ષ દ્વારા ફાળવી દેવામાં આવ્યા છે. જ્યારે પાંચ અપક્ષ ઉમેદવારોને બપોર બાદ તેમના મન ગમતા ચૂંટણી પ્રતિકો ફાળવવામાં આવશે. સાથો સાથ નવે નવ ઉમેદવારના ક્રમ પ્રમાણે યાદી તૈયાર કરી બેલેટ પેપર છપાવવાનો સાંજ સુધીમાં જ ઓર્ડર આપી દેવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

# રાજકોટમાં હાર્ટએટેકના વધુ બે બનાવો : ભાજપ અગ્રણી સહિત બેના હૃદય બંધ પડી ગયા

## બંન્ને પ્રૌઢને મધરાત્રે આવેલો હૃદયરોગનો હુમલો જીવલેણ નિવડતા પરિવારમાં શોકની મોજુ





રાજકોટ,

રાજકોટમાં હૃદયરોગના હુમલાની ઘટનાઓ દિન-પ્રતિદિન વધી રહી છે ત્યારે રાજકોટમાં વધુ બે માનવ જિંદગી ધબકારા ચૂકી ગઈ હોવાની ઘટના સામે આવી છે. જેમાં રાજકોટ ભાજપના બક્ષીપંચ મોરચાના અગ્રણી અને શાકભાજીના ધંધાર્થીનું હૃદય રોગના હુમલાથી મોત નીપજતા પરિવારમાં અરેરાટી સાથે ગંદગીની છવાઈ જવા પામી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં મયુરનગર મેઈન રોડ ઉપર આવેલી સીતારામ સોસાયટીમાં રહેતા રત્નાભાઇ દેવશીભાઈ કળોતરા નામના ૪૯ વર્ષના આધેડ પોતાના ઘરે હતા ત્યારે રાત્રિના એકાદ વાગ્યાના અરસામાં છાતીમાં દુખાવો ઉપાડતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી રત્નાભાઈ કળોતરાનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક રત્નાભાઈ કળોતરા બે ભાઈ ચાર બહેનમાં વચ્ચેટ હતા. અને તેમને સંતાનમાં એક પુત્ર અને ત્રણ પુત્રી છે. રત્નાભાઈ કળોતરા આરટીઓ એજન્ટ તરીકે કામગીરી કરતા હતા અને રાજકોટ ભાજપ બક્ષીપંચ મોરચાના અગ્રણી હતા અને તેમનું હૃદયરોગના હુમલાથી મોત નીપજયુ હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં લાભદિપ સોસાયટીમાં રહેતા અજયભાઈ શ્યામનારાયણ ગોસ્વામી નામના ૪૫ વર્ષના પ્રૌઢ પોતાના ઘરે હતા ત્યારે રાત્રિના દોઢેક વાગ્યાના અરસામાં તેમને હૃદયરોગનો હુમલો આવતા બેભાન હાલતમાં ઢળી પડ્યા હતા. અજયભાઈ ગોસ્વામીને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ અજયભાઈ ગોસ્વામીએ હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક અજયભાઈ ગોસ્વામી શાકભાજી વેંચી પરિવારનું ગુજરાન ચલાવતા હતા અને અજયભાઈ ગોસ્વામીના ભાઈનું પણ અગાઉ હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ બેટી નજીક ટેન્કરમાંથી સીંગતેલ ચોરીના કૌભાંડનો પર્દાફાશ : એક પકડાયો

## સીંગતેલ ભરેલા કેરબા - પતરાના ડબ્બા,ટેક્રર મળી રૂા. ૪૪.૪૭ લાખનો નો મુદામાલ કબ્જે


તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

રાજકોટ શહેરના બેટી ગામ નજીક એરપોર્ટ પોલીસે બાતમીના આધારે દરોડો પાડી ખાદ્યતેલ ભરેલા ટેક્રરમાંથી સીંગતેલની ચોરી કરતા ટેક્રરના ચાલકને પકડી લઇ પુછપરછ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ બેટી ગામ નજીક રાત્રે અવાવરૂ જગ્યા?એ ખાદ્યતેલ ભરેલા ટેક્રરમાંથી બે શખ્સો. તેલની ચોરી કરતા હોવાની એરપોર્ટ પોલીસ મથકના હેડ કોન્સ?. બી.બી.ડોડીયા અને કોન્સખ. નરેશભાઈને બાતમી મળતા સ્ટાફ સાથે બેટી ગામના પાટીયા પાસે રોડની સાઈડમાં અવાવરૂ જગ્યા.એ દરોડો પાડી જી.જે. ૩ બીવી-૯૬૩૮ નંબરના ટેક્રરમાંથી સીલ તોડી તેમાંથી સીંગતેલના ડબ્બાઅ ભરીને ચોરી કરતો ટેક્રરનો ચાલક ધર્મેન્દ્ર રામલક્ષ્મણ બાઈક (ઉ.વ.૨૯) (રહે. બઘારી ગામ, બીહાર)ને પકડી લઇ રૂા. ૧૦,૫૦૦ ની કિંમતના ૭૦ કિલોગ્રામ સીંગતેલ ભરેલા બે કેરબા અને બે પતરાના ડબ્બો કબ્જે કરી ટેક્રરના ચાલકની ધરપકડ કરી પુછપરછ હાથ ધરી છે.

જયારે પોલીસને જોઇ ભાગી જનાર જીવરાજ સામતભાઇ મકવાણા (રહે. બેટી રામપરા) ની શોધખોળ હાથ ધરી છે. ટેક્રર ચાલકની પુછપરછમાં ચાલક ધર્મેન્દ્ર ટેક્રરના ટાંકાના વાલનું શીલ તોડી ટાંકામાંથી સીંગતેલ કેરબામાં ભરીને બેટી રામપરાના જીવરાજ મકવાણાને એક કેરબો રૂા. ૧૫૦૦ લેખે વેંચી નાખતો હતો. તે પોલીસને જોઇ નાસી ગયો હતો. ચાલક ધર્મેન્દ્રે આ ટેક્ર ગોંડલ જામવાડી જીઆઇડીસીમાં આવેલા તુલસી ઈન્ડસ્ટ્રીઝ કંપનીમાંથી સીંગતેલ ભરીને મધર ડેરી જી.આઇ.ડી.સી. નંદીસર (પાલનપુર) લઇ જવાનું હતું. આ ટેક્રર સતયમ બલ્કી કેરીયર ટ્રાન્સપોર્ટનું હોવાનું જણાવ્યું હતું. પોલીસે રૂા.૧૦,૫૦૦ની કિંમતના સીંગતેલ ભરેલા બે કેરબા તથા બે પતરાના ડબ્બા અને ટેક્?ર મળી રૂા. ૪૪,૪૭,૪૬૯નો મુદામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના ખોખડદળ ગામ કપડા ધોતી વખતે ખેંચ આવતા મહિલ્લાનું પાણીની કુંડીમાં પડી જતા મોત

રાજકોટ,

રાજકોટના ખોખડદળ ગામ નવા દોઢસો ફૂટ રોડ પર આવેલી વાડીમાં માવતરના ઘરે કપડા ધોતી વખતે ખેંચ આવતા પાણી ભરેલી કુંડીમાં પડી જતા પરિણીતાનું મોત નિપજતા પરિવારમાં શોક વ્યાધપી ગયો છે.

મળતી વિગત મુજબ ખોખડદળ ગામ નવા દોઢસો ફૂટ રીંગ રોડ પર માલીયાસણ ગામ તરફ જવાના રસ્તે આવેલી વાડીમાં માવતરના ઘરે આવેલી જ્યોદતી રાયધનભાઇ મેટાળીયા (ઉ.૨૫) ગઈકાલે વાડીમાં આવેલી કુંડી પાસે કપડા ધોતી હતી ત્યામરે તેને અચાનક ખેંચ આવતા તે પાણી ભરેલી કુંડીમાં પડી ગઇ હતી. મોડે સુધી જયોીતી પરત ન આવતા પરિવારજનોએ તપાસ કરતા અડધો કલાક બાદ જયોતતીને પાણીની કુંડીમાં પડેલી જોતા પરિવારજનોએ તુરંત જ તેને બહાર કાઢી ૧૦૮માં જાણ કરતા ૧૦૮ની ટીમે સ્થુળ પર પહોંચી ઇએમટી પ્રીયલબેન સોલંકી તથા પાઈલોટ જેન્તીતભાઇ સહિતે સ્થ ળ પર પહોંચી તપાસ કરતા પરિણીતાનું મૃત્યુડ નિપજ્યુંી હોવાનું જણાતા પોલીસને જાણ કરવામાં આવી હતી. જાણ થતાં આજીડેમ પોલીસ મથકના પી.એસ.આઇ. એ.કે.રાઠોડ સહિતે સ્થોળ પર પહોંચી કાર્યવાહી કરી હતી. મૃતક જયોથતી બે દિવસ પહેલા માવતરના ઘરે લગ્ન પ્રસંગમાં આવી હતી. તેને સંતાનમાં એક પુત્ર છે. પરિણીતાના મૃત્યુાથી પરિવારમાં શોક વ્યોપી ગયો છે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમી યથાવત



રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છ માં ગરમીનો માહોલ બરકરાર છે લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે. જુનાગઢ શહેર તેમજ સોરઠ પ્રદેશમાં સતત બીજા દિવસે પણ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. જેના પરિણામે સવારે જુનાગઢનું લઘુતમ તાપમાન ૨૩.૭ ડીગ્રી નોંધાયું હતું. આમ ગરમીમાં રાહત મળવાની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૭ ટકા અને જયારે પવનની પ્રતિ કલાકની ઝડપ ૨.૪ કિલો મીટરની રહી હતી.જામનગરમાં લઘુતમ તાપમાન ૨૩.૫, મહત્તમ તાપમાન ૩૪.૨, ભેજનું પ્રમાણ ૭૮ ટકા, પવનની ગતિ ૧૦.૭ કિ. મી. રહી હતી.

# રાજકોટમાં ટ્રાન્સપોર્ટના ટ્રકમાં આવેલો દારૂનો જથ્થો સપ્લાય થાય તે પહેલા ક્રાઈમ બ્રાંચ પહોંચી

## વાપીથી દવાના બોક્સમાં દારૂનો જથ્થો મગાવનાર શખ્સ પકડાયો : રૂા.૬૭૨૦૦નો મુદ્દામાલ જપ્ત

રાજકોટ,

રાજકોટના ઘંટેશ્વર ચોકડી પાસે ટ્રાન્સપોર્ટના ટ્રકમાં આવેલો દારૂનો જથ્થો સપ્લાય થાય તે પહેલા જ ત્રાટકેલી ક્રાઈમ બ્રાંચે ૬૭૨ દારૂના ચપલા સાથે કેયુર સંઘવી નામના શખ્સને પકડી રૂા.૬૭૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ એ.એસ. ગરચર ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા અને મહેશ ચાવડાને મળેલ ચોકકસ બાતમીના આધારે જામનગર હાઈવે પર ઘંટેશ્રવર ચોકડી પાસેથી દારૂના ૬૭૨ ચપલા સાથે કેયુર નીતિન સંઘવી (ઉ.૨૭) (રહે. એસઆરપી કેમ્પ સામે વર્ધમાન નગર વી-૮૮ બંગલો, જામનગર રોડ)ને પકડી કુલ રૂા.૬૭૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીની પુછતાછમાં તે મુળ જામનગરના વતની છે અને છેલ્લા છ મહિનાથી રાજકોટમાં દારૂનો ધંધો ચાલુ ર્ક્યો હતો. દારૂનો જથ્થો તેને વાપીથી ટ્રાન્સપોર્ટમાં દવાના બોકસમાં પેક કરી મંગાવ્યો હતો. અને અહીં છુટક વેચાણ કરતો હોવાની કબુલાત આપી હતી.

# રાજકોટના ભગવતીપરાનો નામચીન પિસ્તોલ અને કાર્ટીસ સાથે પકડાયો


સાજીદને હથીયાર-કાર્ટીસ સાથે પકડી લેવાયો

રાજકોટ,

રાજકોટ શહેર પોલીસે વધુ એક શખ્સને ગેરકાયદે હથીયાર સાથે પકડી લીધો છે. અગાઉ ચાર દિવસમાં પાંચ શખ્સોને પિસ્તોલ-તમંચા સાથે પકડી લેવાયા હતાં. દરમિયાન બી-ડિવીઝન પીઆઇ સંજયસિંહ એમ. જાડેજાની ટીમે ભગવતીપરા મેઈન રોડ રિધ્ધી સિધ્ધીા સોસાયટી મુફદ્દલ હોલવાળી શેરીમાં રહેતાં અને નામચીનની છાપ ધરાવતાં સાજીદ ઉર્ફ સાજલો યુસુફભાઇ દલ (ઉ.વ.૩૬)ને રૂા. ૨૫ હજારની દેશી બનાવટની પિસ્તોલ અને રૂા. ૪૦૦ના ૪ જીવતા કાર્ટીસ સાથે પકડી લીધો છે.

ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યા રે હેડકોનસ. રાજેશભાઇ બાળા, કોન્સો. ભાનુશંકર ધાંધલા અને રાજદિપભાઇ પટગીરની બાતમી પરથી ભગવતીપરા રોડ પર કબીર વાડી પાસેથી હતો. તે અગાઉ ગાંધીગ્રામ, બી-ડિવીઝન, ડીસીબી પોલીસમાં દારૂ, મારામારી, ગાળાગાળી, ધમકી, એટ્રોસીટી સહિતના આઠ ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યોી હોવાનું પોલીસે જણાવ્યુી હતું.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી આર. એસ. બારીયાની સુચના અનુસાર પીઆઇ સૅજયસિંહ એમ. જાડેજા, પીએસઆઇ કે. ડી. મારૂ, હેડકોન્સ . ક્રિપાલસિંહ જાડેજા, રાજેશભાઇ બાળા, લાલજીભાઇ હાડગડા, કોન્સા. જયદિપસિંહ બોરાણા, ભાનુશંકર ધાંધલા, પંકજભાઇ માળી, રાજદિપભાઇ પટગીર, પોપટભાઇ ગમારા, જગદીશભાઇ વાંક અને વિશ્વજીતસિંહ ઝાલાએ આ કામગીરી કરી હતી. હથીયાર ક્યાં થી લાવ્યોક? તે સહિતના મુદ્દે રિમાન્ડ મેળવવા તજવીજ થઇ રહી છે.

# રાજકોટમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક વાપરતા વધુ ૧૩૦ વેપારીઓ પાસેથી પાસેથી ૧૬.૦૨ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

## ત્રણેય ઝોન વિસ્તારના મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમનો સપાટો



રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ૨૦૨૧ અન્વયે આજ રોજ ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૨૦/૦૪/૨૦૨૪ થી ૨૧/૦૪/૨૦૨૪ ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૧૩૦ આસામીઓ પાસેથી ૧૬.૦૨ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩૬૯૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૫ આસામીઓ પાસેથી ૯.૦૨૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૯૧૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૦ આસામીઓ પાસેથી ૫.૭૩૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૫૧૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૭ આસામીઓ પાસેથી ૧.૨૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૭૩૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ હતી.